[સરકારી તેમજ વડોદરા રાજ્યના
કેળવણી ખાતામાં ચાલતી]

બાળ-ગરબાવળી

કર્તા

ગુજરાતના પ્રસિદ્ધ ગ્રંથકાર

સ્વ૰ નવલરામ લક્ષ્મીરામ

આવૃત્તિ ૩૮ મી

ઈ. સ. ૧૯૪૧

કિંમત ૦-૩-૧

BAL-GARBAVALI

OR

A SONG-BOOK FOR GIRLS

BY

The late Rao Saheb

NAVALRAM LAKSHMIRAM PANDYA

Principal, Training College, Kathiawar

બાળ-ગરબાવળી

કર્તા

સ્વર્ગસ્થ રા. સા. નવલરામ લક્ષ્મીરામ પંડ્યા

પ્રસિદ્ધકર્તા

ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ-સુરત

આવૃત્તિ ૩૯મી

સંવત ૧૯૯૭-ઈ. સ. ૧૯૪૧

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—

ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ પંડ્યા

ઠે૦ કેળાપીઠ—સુરત

સુરત—ચૌટાપૂલ ટાંકી પાસે, નારાયણરાવ એલ. નીકમ એન્ડ સન્સ
શ્રી 'શંકર' પ્રિન્ટિંગ પ્રેસમાં ગણપતરાવ નારાયણરાવ નીકમે છાપી.

પ્રસ્તાવના

મનની કેળવણીમાં અભ્યાસ એ એક અવશ્યનું સાધન છે. સારી કવિતા માણુસનાં રસજ્ઞાન તથા કલ્પનાને કેળવણીથી પ્રફુલ્લિત કરે છે, તેને સારુ સુખનું એક નવું તથા અખૂટ બારું ઉઘાડે છે, અને મનની ઊંચી વૃત્તિઓને જાગૃત કરી તેની પાસે ઊંચાં કર્મ કરાવે છે. શાસ્ત્રના અભ્યાસથી પરિપકવ થયેલી બુદ્ધિને કોમળ, ચપળ, ઉમંગી તથા ઉદાર કરનાર સારી કવિતા જ છે.

પરંતુ **બાળકેળવણીને** લાયક કવિતા મળવી મુશ્કેલ પડે છે; કેમકે લેખક ઘણું કરીને પોતાની અવસ્થાનો જ રસ વર્ણવી જાય છે, અને બાલ્યાવસ્થાનાં રસ અને કલ્પનામાં ઊતરવું એ બહુ અઘરું છે. એ કારણુથી સઘળી ભાષામાં સારી **બાળ-કવિતા** થોડી જ દીઠામાં આવે છે. આપણી ભાષામાં તો તેની કેવળ ખોટ જ છે.

એ ખોટ પૂરી પાડવાને અર્થે મારો વિચાર ઘણા વખતથી યથાશક્તિ કાંઈક કરવાનો હતો, અને તેથી **કેળવણી ખાતા તરફથી જ બાળ-ગરબાવળીની માગણી આવતાં** મેં તે ઉમંગથી ઝીલી લીધી છે. એમાં ધારેલી મતલબ કેટલી પાર પડી છે—એટલે એમાં રસ કેટલો આવ્યો છે, અને તેમાં તે બાળકથી ગ્રહણ થઈ શકે એવો કેટલો છે—એનો નિર્ણય કરવો એ બાળ-કેળવણીના ચતુર અનુભવીઓનું કામ છે.

ગરબીઓ કેવી રીતે ગાવી, તે જાણવાને સારુ તેને મથાળે એક પ્રસિદ્ધ* કડી મૂકવાનો રિવાજ છે; પણ તે પ્રમાણે કેટલાંક કારણોથી આ ચોપડીમાં થઈ શક્યું નથી, તે છતાં તેનો **પદ્યબંધ** તો જણાય એમ ધારી મેં તેનાં સાંકેતિક નામ ત્યાં લખ્યાં છેઃ-જેમકે ચોચોકા એટલે ચાર ચાર માત્રાના ચાર ગણ જેના પ્રત્યેક ચરણમાં સમાયલા છે તે. अ, इ, उ, ओ વગેરે નામને અંતે જે પ્રત્યય લગાડ્યા છે, તેમાં પણ મર્મ રહેલો છે; પરંતુ તે સઘળો વિસ્તાર આ ઠેકાણે આપી શકતો નથી.

મુ૦ રાજકોટ
તા. ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૮૮૭ } **ન. લ. પંડ્યા**

---

* પરંતુ એની જરૂર જણાયાથી સને ૧૮૭૯ના એપ્રિલ માસના ગુજરાત શાળાપત્રમાં એ પ્રસિદ્ધ કડીઓ શીખવનારની જાણને માટે મેં બતાવેલી છે.

સાંકળિયું

बाळप्रार्थना

ધોળ

(માપ ચોચોકા

માગું માગું, છો ઈશ્વર આપ રે,
પ્રાણીમાત્રના મા ને બાપ રે;
જેની શક્તિનું નહિ કંઈ માપ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧

માગું માગું, પ્રથમ તમ પ્રેમ રે,
રાખો રાખો, અમ પર રહેમ રે;
તમ રહેમે જ રહીએ ક્ષેમ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૨

માગું માગું, કુશળ મારી માતને,
માગું માગું, કુશળ મારા તાતને,
માગું કુશળ ભાંડુઓના સાથને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૩

માગું માગું, અમને તમે પાળજો,
અન્ન, વસ્ત્ર ને આબરૂ આલજો;
જન સર્વનાં સંકટ ટાળજો,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૪

માગું માગું, હું આણી વા'લને,
આપો આપો, સુબુદ્ધિ હું બાળને;

કાપો કાપો, કુતર્ક કુચાલને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૫

માગું માગું, માબાપની સેવ રે,
સદા સાચું જ બોલ્યાની ટેવ રે;
મારા મનનો હરો અહમેવ[1] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૬

માગું માગું, માયાળુ સ્વભાવ રે,
મીઠા બોલ ને સૌ પર ભાવ રે;
છે જેથી જ જગમાં નિભાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૭

માગું માગું, સુમાર્ગ બતાવ રે,
મારા દિલમાં દયા તું વસાવ રે;
પરમારથ[2] પૂર્ણ[3] કરાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૮

માગું, વિદ્યાનું વ્યસન[4] લગાડજે,
મારી અંતર આંખો ઉઘાડજે;
શુદ્ધ સત્યનો સૂરજ ઊગાડજે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૯

મેં આ માગ્યું, હું માગવા જોગ રે,
બાપ, આપ છો આપવા યોગ્ય રે;
હવે આપો જે હોય યોગ્ય[5] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧૦

---

૧ અહંકાર ૨ જીવનનું કલ્યાણ થાય એવાં કામ
૩ બરાબર ૪ ટેવ ૫ નુકસાન વગરનું

निशाळे जती छोडीनुं वर्णन-वा'ली बेन

गरबी

(ચોચોકા)

મારી §વા'લી બેન છે બહુ છોટી જો,
પણ ડા'પણમાં મોટી જો. ૧
મારી વા'લી બેનને નહિ રાંદો જો,
હસતી જ આખો દા'ડો જો. ૨
મારી વા'લી બેન વા'ણે વહેલી જો,
ઊઠે સૌથી પહેલી જો. ૩
મારી વા'લી બેન દાતણ નિત્યે જો,
કરે, ને નાહે પ્રીતે જો. ૪
મારી વા'લી બેન વાળ ઓળાવે જો,
રોજ કપાળ લુછાવે જો. ૫
મારી વા'લી બેન સો સુધી ગણતી જો,
ભાવે "ભૂ પા" ભણતી જો. ૬
મારી વા'લી બેન ચાલી નિશાળે જો,
ચૂકે નહિ કો કાળે જો. ૭
મારી વા'લી બેન સ્લિનેટ સાહી જો,
દીસે છે બહુ ડાહી જો. ૮
મારી વા'લી બેન પેન તો માગે જો,
સૌને વા'લી લાગે જો. ૯

---

§ જ્યાં આવું (') અધ્યાહાર ચિહ્ન મૂક્યું હોય, ત્યાં કોઈ હકારનો ઉચ્ચાર છે એમ જાણવું. જેમકે વા'લી એ વહાલી લખ્યું હોય ત્યારે જેમ વાંચીએ છીએ તેમ વાંચવું.

મારી વા'લી બેન ઠમઠમ ચાલે જો;
ચોપડી હાથમાં ઝાલે જો. ૧૦

મારી વા'લી બેન પાઠ કરે છે જો,
સૌમાં સરસ ઠરે છે જો. ૧૧

મારી વા'લી બેન વાંચે વાનો જો,
હરખ સરવને થાતો જો. ૧૨

મારી વા'લો બેન લઈને તાળી જો,
ગરબી ગાય રસાળી જો. ૧૩

મારી વા'લા બેનના બોલ મીઠા જો,
દુનિયામાં નહિ દીઠા જો. ૧૪

મારી વા'લી બેન વા'લાં લાગો જો,
મન ગમે તે માગો જો. ૧૫

छोडीओनी उजाणी

गरबी

(અષ્ટચોકા)

સૌ અલીઓ હળીમળી આવો, આજ,
આપણે કરીએ ઉજાણી.
સૌ કાંઈ કાંઈ ઘરથી લાવો, આજ, આપણે૦ ૧

કો લાવી ચણા, કો ધાણી, આજ, આપણે૦
કો કોપરું ખાંડ તો આણી, આજ, આપણે૦ ૨

કો ખજૂર ખોળી લાવી, આજ, આપણે૦
કો ચારોળી ચાવતી આવી, આજ, આપણે૦ ૩

કો કહે એ થઈ તો અજીઠીx, આજ, આપણો૦
કો લાવી બદામો મીઠી, આજ, આપણો૦ ૪

કોએ પસ્તાં સસ્તાં આણ્યાં, આજ, આપણો૦
સૌએ+ ખોરાં ખૂબ વખાણ્યાં, આજ, આપણો૦ ૫

કો કોકડીઓ, કો દ્રાખો, આજ, આપણો૦
કો લાવી મૂળા આખો, આજ, આપણો૦ ૬

કો બરફી બરફ જ સરખી, આજ, આપણો૦
જોઈ બાળક કૂદ્યાં હરખી, આજ, આપણો૦ ૭

કોઇ પેંડો લાવી પ્રેમે, આજ, આપણો૦
નહિ કોઇથી ભાંગ્યો કેમે, આજ, આપણો૦ ૮

પણ પથ્થરથી તે હાર્યો, આજ, આપણો૦
કો લાવી લાડવો સારો, આજ, આપણો૦ ૯

કો કહે ખપે ન અમને, આજ, આપણો૦
કહ્યું નહિ જ મૂકીએ તમને, આજ, આપણો૦ ૧૦

કો લાવી સક્કરપારા, આજ, આપણો૦
ગોળપાપડી, મમરા ખારા, આજ, આપણો૦ ૧૧

કો લાવી ગાંઠિયા ગમતા, આજ, આપણો૦
તે તો ગટ કરી ગયાં રમતાં, આજ, આપણો૦ ૧૨

કો લાવી પકવાન પાંચે, આજ, આપણો૦
જોઈ જીભ સળવળે સાચે, આજ, આપણો૦ ૧૩

કોઈ દળ મગદળ ગળગળતું, આજ, આપણો૦
કોઇએ આણ્યું અથાણું મોંબળતું, આજ, આપણો૦ ૧૪

કો ખોબો ભરી ખારેકો, આજ, આપણો૦
કો લાવી પાપડ સેક્યો, આજ, આપણો૦ ૧૫

---

xએઠી, એટલી   +પસ્તાં ખોરાં છે એમ સૌએ કહ્યું.

કો છાનું છુપાવી લાવી, આજ, આપણે૦
પાછી વાળી જેવી આવી, આજ, આપણે૦ ૧૬

બેન એ તો ચોરી કહેવાયે, આજ, આપણે૦
કહ્યા વિના ન લાવવું કાંઇએ, આજ, આપણે૦ ૧૭

રોતી આવી એક ભિખારી, આજ, આપણે૦
નથી આપતી મા કંઇ મારી, આજ, આપણે૦ ૧૮

એને પ્રેમે પાસ બેસાડી, આજ, આપણે૦
સૌએ મિજબાની તો માંડી, આજ, આપણે૦ ૧૯

સૌ વ્હાલથી વ્હેંચી ખાઓ, આજ, આપણે૦
ખાઈ પીને ગરબા ગાઓ, આજ, આપણે૦ ૨૦

गुजरातनो वनस्पतिवैभव-भाग १लो

गरबो

(ચોચોકા)

રુડો ! રુડો ! મુલક ગુજરાત રુડો !
જગદીશે જગતમાં ખૂબ ઘડ્યો ! ૧

જ્યાં જુએ ત્યાં લીલાલહેર જ છે !
ધનધાન્યે *ઇશ્વરની મહેર જ છે ! ૨

બહુ જુવાર, બાજરી, ડાંગર ને,
ઘઉં, ચણા, વટાણા, ઝાલર ને. ૩

ઘણી તુવેર, ને મગ, ચોળા જ્યાં,
મઠ, અડદ, મકાઈ, જવ ઝાઝા. ૪

વળી વળી દિવેલી, તલ, અળશી,
આદિ ચીજો હજારો હજાર કળશી ! ૫

---

* પરમેશ્વર.

એ ગણે ગણાય ન કહું સાચું,
ગુજરાતે પાકે સોનું કાચું ! ૬

કાચું રાખ્યું નથી કંઈ કિરતારે !
કરી કૃપા ભરતખંડ પર ભારે. ૭

ભૂલો ભૂંડી આપણી જ છે ભાઈ,
કે ગયા ડૂબી દળદર માંહી. ૮

આવો મુલક મળ્યો હોય બીજાને,
દુઃખ બોલ જનમમાં ન તે જાણે. ૯

લોક અકલહુનર નહિ કંઈ આણે,
જૂઠો મમત ગાડરવત્ બહુ તાણે. ૧૦

મૂકી મમત, આળસ, ઈર્ષા સર્વે,
દેશદાઝે ઘૂમો ઘૂમો ! ગર્વે. ૧૧

કરો સર્વે ગરુઓ મુલક પાછો !
સૂતાં બેઠાં સ્વદેશનું સુખ વાંછો ! ૧૨

સંપ સજી, ભજી વિદ્યામાતા,
થઈ હુનરકળામાં મદમાતા. ૧૩

કસી કમર, પલકમાં ખુંખારી,
બહાર પડો ! ફતેહ છે કહું ભારી. ૧૪

ભાગ ૨જો

(રાગ ઉપર પ્રમાણે)

ખરો ખરો બગીચો ગુજરાત જ,
ફળ્યો, ફૂલ્યો ને ફાલ્યો પ્રખ્યાત જ ! ૧

ઝાઝાં ઝાડોનાં ઝૂંડ જ જ્યાં દીસે,
જોતાં જોતાં જે જીવ હરખી હીસે. ૨

વડ ઘટા ઘાલે ચોગમ ફરતી,
જે નીચે સેનાઓ ઊતરતી. ૩

ઊગે આંબાઓ હારેહાર ઘણા,
કહો કેરીના સ્વાદમાં શી જ મણા ? ૪

રુડી રુડી રે લીમડાની છાયા,
ભૂંડી ભૂંડી રે આમલીની માયા. ૫

કેવો કેવો કપાસનો છોડ સારો ?
જાતે નાનો જગતને ઢાંકનારો ! ૬

શું ખીલ્યું આ ખેતર ખસખસનું !
હોય અફીણ અમૂલ્ય જે રસનું ! ૭

બુધહીણા વિણા ખપ જે ખાયે,
ખરે મરે જ એનો ન વાંક કાંએ. ૮

શી શોભે આ ઊભી શેલડીઓ !
કેવી ઝૂંક છે, જો જો ચમરીઓ ! ૯

મોટું પેલું ફણસનું ફળ કેવું ?
દીસે હાથીના કુંભસ્થળ જેવું ! ૧૦

જોજો ઝાડો જવાહીરનાં સહુ રે,
કોને મૂકું, ને કોને હું ગાઉં રે. ૧૧

આશોપાલવ, કદંબ, પીપળ, બીલી,
તાડ ઊંચું રહ્યું ગગન ઝીલી. ૧૨

વાંસ, સાગ, સરગવો ને બાવળ,
ખેર, ખાખર, ખજૂરાં ને આવળ. ૧૩

જમરુખી, કમરખી, બોરડીઓ,
સીતાફળી, કદળી, દાડમડીઓ. ૧૪

આંબા, રાયણ, લીંબુ, જાંબુ,
નારંગી, અંજીર, શેતૂર લાંબુ. ૧૫

વળી પપાઉ, ફાલસા ને દ્રાખો,
હોય મેવા મઝાદાર જ લાખો. ૧૬

भाग ३ जो

(રાગ ઉપર પ્રમાણે)

કેવી મઝા તો આપણા દેશજની!
સોનું ને સુગંધ બે છે, સજની! ૧

ફૂલ રંગબેરંગી કેવાં છે!
ઊડી આંખેજ વળગે એવ છે! ૨

ને સુગંધ શી સુંદર સારી
રહ્યો બેકી મુલક બધો ભારી. ૩

જાઈ, જૂઈ, કેતકી, સાહેલી,
પારિજાતક, ચંપો, ચંપેલી. ૪

ગુણી ગુલાબ, મોગરો, બટમોગરો,
ગુલછડી, તગર, તુલસી, ડમરો. ૫

મધમધી રહ્યાં વન વન ચોગમ,
નામ લેતાં જ આવે છે સોરમ. ૬

શાં ખીલે કમળ જળમાં ચોપાસ
શાં સોહામણાં સાંજે ગુલબાસ! ૭

શા શોભી રહ્યા આ ગુલ્લાલા!
કેસૂડાં, કસુંબો લાગે વા'લા. ૮

પેલાં સુંદર સૂરજફૂલ સૂરજની,
પૂંઠે ફરે છે પ્રેમે, એ સજની. ૯

પેલી પોયણી પરણી ચાંદાસું,
જોય ચાંદો, ને જો, આવે *હાસું. ૧૦

ખૂબ ખીલ્યાં કરેણાં, તનમનિયાં,
ધંતૂરા તૂરી સમ છે બનિયાં. ૧૧

જાણે પુકારે વનવૈભવ ઈશના
વનલીલામાં વાસ છે જગદીશના. ૧૨

જ્યાં જોઉં ત્યાં ઈશ્વર સભર ભર્યો !
ધનભાગ્ય નવલ, ભવસાર સર્યો ! ૧૩

निशाळनुं वर्णन

गरबी

(त्रिअट्ठी)

મા, મને નિશાળે મૂકને, પાય લાગું મા,
મા, ભાગ તું મારી ભૂખને, મુખ માગું, મા. ૧

મા, મારી મારા જેવડી બેનપણીઓ, મા,
મા, જો જો ચાલી આ ચોપડી લઈ ઘણીઓ, મા. ૨

મા, જો જો કેવી એ જાય છે, મનમોજે, મા,
મા, જાય જ તો ત્યાં ગવાય છે ગીત રોજે, મા. ૩

મા, ભરી રૂપાળા રંગથી એક પેટી, મા,
મા, તે તો જુએ એ ઉમંગથી ત્યાં બેઠી, મા. ૪

---

* હાસું–હસતું, એટલે ચંદ્રોદય પછી ઊજળી, સોહામણી દેખાય છે.

મા, ખેલવણાં ખુશકારની છે બીજી, મા,
મા, જેને કહે છે આકારની જન રીઝી, મા. ૫

મા, વળી ચળકતે ચોકઠે રૂપાળા, મા,
મા, ઘણા લખોટા જે વડે ગણે બાળા, મા. ૬

મા, નકશા નવરંગી, નવા, તકતકતા, મા,
મા, ભીંતે ભલા ખૂબ ભેરવ્યા જાતે તખ્તા, મા. ૭

મા, ગોળો ચોગમ ચીતર્યો એક ત્યાં છે, મા,
મા, ચકર ચકર ફરતો ખરે કહું સાચે, મા. ૮

મા, એક દિવસ ત્યાં ગઈ હતી. સખી સંગે, મા,
મા, તે જ દિવસથી થઈ મતિ "ભણું રંગે", મા. ૯

મા, નિશાળમાં તો છે મઝા ભણવાની, મા,
મા, બે વાગે આપે રજા રમવાની, મા. ૧૦

મા, મે'તીજી માયા બધા પર રાખે, મા,
મા, શાંત સ્વભાવે તે સદા મીઠું ભાખે, મા. ૧૧

મા, શીખવવાની શી છટા, છે ત્યાંહી ! મા,
મા, ચિત્ત ચોંટે ચોગમ ઘટા રહે છાયી ! મા. ૧૨

મા, આવી નિશાળે તો જવું તે મોજ જ, મા,
મા, ગમે રમ્યાથી શીખવું જ્યાં રોજ જ, મા. ૧૩

મા, જો નિશાળ જ બહારથી રઢ લાગે, મા,
મા, જો જઈ ભણીએ પ્યારથી ભાગ્ય જાગે, મા. ૧૪

મા, ભણતર વણ નરનાર રહે પશુ સરખાં, મા,
મા, વિદ્યામાં મેં અપાર રે સુખ નીરખ્યાં, મા. ૧૫

(चोथुं धोरण भणनारी बाळाओने साह)

ईश्वरनुं स्तवन

गरबी

(ચોછકા)

જે આ જગતને નિભાવે, ભજું તે જ ભાવે;
ખલક પલકમાં બનાવે, ભજું તે જ ભાવે. ૧

ચાહે ત્યારે ઝટ ડુબાવે, ભજું તે જ ભાવે;
તે તો વિશ્વનાથ કહાવે, ભજું તે જ ભાવે. ૨

જે આ સૂર્યને શોભાવે, ભજું તે જ ભાવે;
જે આ ચંદ્રને ચળકાવે, ભજું તે જ ભાવે. ૩

ઘુંમટ ગગનનો ટેકાવે, ભજું તે જ ભાવે;
અસંખ્ય ગોળાઓ ગબડાવે, ભજું તે જ ભાવે. ૪

જડને ધર્મ જે ધરાવે, ભજું તે જ ભાવે;
મનને મુક્તિસું ચઢાવે, ભજું તે જ ભાવે. ૫

જે છે પ્રાણનો આધાર, ભજું તે જ ભાવે;
જે છે સારમાંનું સાર, ભજું તે જ ભાવે. ૬

જે છે ડાહ્યો દયાવંત, ભજું તે જ ભાવે;
જેને નહિ જ આદિ અંત, ભજું તે જ ભાવે. ૭

સકળ શક્તિનો જે ભૂપ, ભજું તે જ ભાવે;
જે છે એક ને અનુપ, ભજું તે જ ભાવે. ૮

જે છે અકળ ને અરૂપ, ભજું તે જ ભાવે;
જ્યાં મનવાણી હોય ચૂપ, ભજું તે જ ભાવે. ૯

જેને **નવલ** કહે શું જ, ભજું તે જ ભાવે;
તે તો તું જ, તું જ, તું જ, ભજું જ ભાવે. ૧૦

૧૩

ચોમાસું

ગરબી

(ત્રિતાલી ચોછક્કા)

પેલી વાદળીઓએ ધૂમાધૂમી માંડી રે!
હવે આવશે ચોમાસું શું? ઓ માડી રે. ૧

હા હા! હજી નહિ શું આવે? ધામ કેવો રે!
ફેરી બાફમાં જ ઘાલી હોય એવો રે! ૨

નથી હાલતું ઝાડોનું એક પાન* રે;
ફર્યો પવન જઈ ઠર્યો હવે ઈશાન રે. ૩

નહિ શ્વાસ રે લેવાય, જીવ રુંધાયે રે;
પાંખ પંખીઓ વિખેરી ધૂળે નાહ્ય રે. ૪

ભૂંડી અંગે આ અળાઈઓ કરડી ખાય રે!
પડે સાંજ ત્યારે કાંઈક સુખ થાય રે. ૫

અધવાર્યો અષાડ, ઊંચું જોઈએ રે!
હવે મેહુલે તો મે'ર કરી જોઈએ રે! ૬

ખોદી ખેડીને ખેડૂત ચાસ પાડી રે;
ઊભા ખેતર જુએ છે વાટ દા'ડી રે. ૭

બેઠા ઠામ ઠરી પ્રવાસી, ખલાસી રે;
વળી વેપારી, અધિકારીઓ, સંન્યાસી રે. ૮

બેઠી મોસમ, પડયાં બંધ બધાં વા'ણો રે;
નદી નાળે નીર ન જાય, હરણ પ્રાણો રે. ૯

લૂખી ભૂખી ને સૂકી ખડંગ ભોંય રે;
"પય પય" પોકારે છે, જોડે પપૈયા રે. ૧૦

---

* એક પાંદડું પણ

પ્રાણીમાત્રનો આધાર મેઘરાજા રે;
આવો, આવો, મેઘરાજ, રાખો માઝા રે! ૧૧

ધાતાં ધાતાં કાળાં કાળાં વાદળ આવે રે!
ગગન ઘેરીને અંધારકોટ બનાવે રે! ૧૨

થાય ચમક ચમક વીજના ચમકારા રે;
કડક કડક કડક કડક્યાં નગારાં રે. ૧૩

છૂટ્યો પવન આવ્યું લ્હેરું હાશ! સારું રે!
ક્યાંહી વરસ્યો એ નિશ્ચે હું તો ધારું રે! ૧૪

પડ્યો! એ પડ્યો! પડ્યો જ મુસળધાર રે!
નવલ સુગંધ ઊઠી, શાંતિ થઈ સંસારે રે! ૧૫

जनावरनो जान

धोळ

(છચોકા)

જાન જનાવરની મળી, મેઘાડંબર ગાજે;
બકરીબાઈનો બેટડો, પરણે છે આજે. ૧

ઢોલ, નગારાં, ભેરી ને, સૂર સરણાઈ તીણાં;
સો સાંબેલા શોભિતા, બેટાબેટી ઘેટીનાં. ૨

ઠીક મળી ઠઠ લોકની, જરા ઠામ ન ઠાલો;
દોડે વરનો બાપ ત્યાં, દડબડ દાઢીવાળો. ૩

સાજનનું શું પૂછવું, બકરે કરી જોરો;
ભેગાં કર્યાં છે ભાવથી, મોટાં મોટાં ઢોરો. ૪

રાતા માતા આખલા, રાખી શિંગડાં સીધાં;
આગળ માર્ગ મુકાવતા, પદ ×પોલીસ સીધા. ૫

×જાણે પોલીસનું કામ કરતા હોય. તેમ તેઓ માર્ગ મુકાવતા જાય છે.

સાજને શ્રેષ્ઠ જ ઊંટડા, હીંડે ઊંચી ઓડે;
એનાં અદ્ધરે વાંકડાં, કામઠારોની ગોડે. ૬

હારમાં એક બે હાથી છે, મોટા દાંતજવાળા;
નીચું ન્યાળી ડોલતા, હીંડે શેઠ સુંઢાળા. ૭

હાથી ઘોડા તો છે ઘણા, હાર રોકતા પાડા;
કાળા કઢંગા ને થયા, ખડ ખાઈ જ જાડા. ૮

આંખ ફાટી છાતી નીસરી, કરતા ખૂબ ખુંખારા;
હીંડે ઊછળતા ઘોડલા, સાજન થઈ સારા. ૯

ટટ્ટુઓ ટગુમગુ ચાલતાં, પૂંઠે ગરીબ ગધેડા;
હા જી હા જી કરી હીંડતા, * ડીફાં વિના અતેડા. ૧૦

હારોહાર હજારો આ, માંહોમાંહે લપાતા;
કોણ આવે કામળ ઓઢીને, એ તો ગાડરમાતા. ૧૧

પિતરાઈઓ વેવાઈના, એને અકલ ન કોડી;
આડાઅવળા એકેકની, પૂંઠે જાય જો દોડી. ૧૨

બકરા તો વરના બાપ છે, હોય એનું શું લેખું!
શું સાગર સિંગડાતણો, હું તે આજે આ દેખું! ૧૩

વરનો તે ઘોડો આવીઓ, વાગે વાજાં વિલાતી;
ભેરી ભૂંગળ ને ઝાંઝરી, ભેગું ભરડતી જાતી. ૧૪

વરરાજા બે માસનું, બાળ ઍં ઍં કરતું;
ઝડપાયું ઝટ ઝોળીમાં, મન માડીનું ઠરતું. ૧૫

મંગળ બકરીબાઈ તો, ગાય હરખી હરખી;
જોડે જાંદરણી ઘણી, કોડે જોવા જ સરખી. ૧૬

---

* ડીફાં વિના જેને ચાલવું ફાવતું નહિ હોય એવા અથેડા.

બકરીબાઇ એ નાતની, ને બીજી ધણીઓ;
આણી આડોશપાડોશણો, બાઇપણી બેનપણીઓ. ૧૭

ભેંસ, ભૂંડણ ને ઊંટડી, ઘેટી, ઘોડી, ગધેડી;
ગાય, બિલાડી, ઉંદરડી ને, એક કૂતરીયે તેડી. ૧૮

વાંદરીઓ નથી વિસર્યા, દસ વીસ આ કૂદે;
સાથે સામટાં ગાઈ સૌ, સાતે સૂરને ઘૂંદે. ૧૯

કોઈ બેં બેં કોઈ ભેં ભેં કરે, કોઈ ભૂંકતી ભૂંકું;
કોઈ ચૂંચું મ્યાઉંમ્યાઉં કરે, વેર વાળે કો કૂકું. ૨૦

હૂક હૂક કરતી વાંદરી, જો જો! નાચે છે કેવા!
ધન ધન બકરી! ન કોઈની, જાન તારા તે જેવી! ૨૧

ચારપગાંની જાન આ, જોડી બેપગાં સારુ;
સમજે તો સાર નવલ બહુ, નહિ તો હસવું જ વારુ! ૨૨

भणवानो वखत जाय छे.

गरबी

(સમચોકા)

જાય છે, જાય છે, જાય છે રે,
આ વખત ભણ્યાનો વહી જાય છે.
થાય છે, થાય છે, થાય છે રે,
બહુ પછી પસ્તાવો થાય છે. } ટેક

બાળપણું ભણવાનો અવસર,
જીવના જીવતર માંહ્ય છે રે. આ વખત૦

ખેડૂત જો ચોમાસું ન ખેડે,
આખું વરસ પસ્તાય છે રે. આ વખત૦

બાળપણું વીત્યું કે ભણ્યાનો,
કાળ વીત્યો જ ગણાય છે રે. આ વખત૦

ગિરફ્તારી પછી દુનિયાની,
તેમાં તે શું ભણાય છે રે. આ વખત૦

કદી વખત મથીને કાઢે પણ,
કુમળી જ ડાળ વળાય છે રે. આ વખત૦

પાકી કોઠીએ ચડે ન કાના,
ટપૂ ટપૂ વાંચી ગભરાય છે રે. આ વખત૦

ભણ્યા વિના નરનાર નિંદાને,
દુઃખદારિદ્રે રિબાય છે રે. આ વખત૦

હાલ રમત રુડી લાગે છે પણ,
કેડે કૂડી દેખાય છે રે. આ વખત૦

રમવું ખરું ને ભણવુંએ ખરું,
એ જ ડહાપણ કહેવાય છે રે. આ વખત૦

ભણ્યા વિના તો સિદ્ધિ ન ભવમાં,
ભણે જ સુખ પમાય છે રે. આ વખત૦

વિદ્યાવણ માણસ પશુ સરખું,
કહેવત સાચી સદાય છે રે. આ વખત૦

જન ને જનાવર જનમ સમે તો,
સમાજમાં સરખાં દેખાય છે રે. આ વખત૦

પણ જન તો પંડિત બને છે,
જો જુગતું શીખવાય છે રે. આ વખત૦

વાર વાર વા'લે શીખવેથી જ,
બાળકથી બોલાય છે રે. આ વખત૦

રાખો રણે તો રહે જ મૂગું,
સમજનું મૂળ શિક્ષાય છે રે. આ વખત૦

લો સર્વે શિક્ષા શિક્ષણથી જ,
માણુસ મોટું મનાય છે રે. આ વખત૦

નવલ કહે જે અભણ રહે તે,
પશુપદ પામવા ચા'ય છે રે. આ વખત૦

ગાયના ગુણ

ગરબી

(ચોચોકા)

લાગે મને, ગાય તું ઘણી વા'લી;
ઓ ગૌરી ગરીબ, ને ગુણવાળી! લાગે૦ ૧

તારું રૂપ મને રૂડું લાગે;
મુખ જોતાં ભૂખ બધી ભાગે. લાગે૦ ૨

ધોળું અંગ ને શિંગડીઓ કાળી;
આંખ રાંકડી, કાળી, હેતાળી. લાગે૦ ૩

તારે કંઠે ઘંટડી ઘણઘણતી;
ચારે ચરણે ઝાંઝરી ઝણઝણતી. લાગે૦ ૪

ગોવાળથી પાછી તું વળતી,
ત્યારે ભોં, ભોં, ભોં ભાવે ભણતી. લાગે૦ ૫

આપે ઊથલો વાછડું થનથનતાં,
પેસે પોળમાં પ્રેમે તું તે સુણતાં. લાગે૦ ૬

દીઠે હરખે, ઊછળતી તું ઘેલી;
તોએ કોને મૂકે ન તું હેલી. લાગે૦ ૭

વાટે બેઠાં બાળ બચાવી લે;
એવી ડાહી દયાળુ તું દિલે. લાગે૦ ૮

મારનાર ઉપર પણ તું ભારે;
નથી કરતી રીસ અતિશય ક્યારે. લાગે૦ ૯

તેં તો ધર્મનો મર્મ જ પરમ લહ્યો;
ગૂઢ+ ગરીબપણાનો ગુણ ગ્રહ્યો. લાગે૦ ૧૦

તું તો રોજ પરોપકારે રાજી;
તારો જશ જગમાં છે રહ્યો ગાજી. લાગે૦ ૧૧

તું ધોળી, ને ધોળું દૂધ તારું;
ગુણકારી, સ્વાદભર્યું સારું. લાગે૦ ૧૨

દહીં, દૂધ, ઘી, માખણ ને છાશ;
જેમાં સર્વ સ્વાદતણા વાસ. લાગે૦ ૧૩

એ પાંચે અમૃત પૃથ્વી પર જે;
તે અમ અર્થે તું તો સરજે. લાગે૦ ૧૪

બરફી ને પેંડા ને માવો;
બાસૂદી શિખંડનો બડો લ્હા'વો. લાગે૦ ૧૫

તે તો તારી પ્રસાદી એ સુખદાતા!
ગાય માતા, તું સાચી જ છે માતા. લાગે૦ ૧૬

તારા પ્રેમનો પાડ, હું કેમ વાળું?
આવ, આવ, હું હેતે પંપાળું! લાગે૦ ૧૭

+ગરીબાઈ—રાંકપણું—ધર્મની મુખ્ય મતલબ છે, ને તે તેં બરાબર પકડી રાખી છે.

*તારી શિંગડી, સુંદર સિંદૂરે;
રંગી સોને શણુગારું હું રે. લાગે૦ ૧૮

કરું ચાંદલો ને ચોખા ચોઢું;
ફૂલહાર પહેરાવી નીરખું મોઢું! લાગે૦ ૧૯

તારું ઝગમગતું જ્યોતિ જ સરખું;
મુખ ભાળી હરખું ને નીરખું. લાગે૦ ૨૦

ધન! ધન! ધેનુ! રૂપગુણધામ!
ગુણ ગાયના ગાય **નવલરામ.** લાગે૦ ૨૧

ચોમાસાના ચાર માસ

ગરબી

(ત્રિતાલી, અષ્ટચોકા)

ચોમાસાના ચાર માસ છે સારા રે;
લીલી સાડી સુંદર સજે ૧ધારા. ચોમાસાના૦

ઘેરી માસ અષાડ તે કહાવે રે,
વરસાદને દોરી લાવે રે;
જો કે પહેલાં કંઈક તપાવે. ચોમાસાના૦

કડકડીને પડે મેઘરાય રે,
પડે પાણી તે નેવે ન માય રે;
ધો, ધો, ધોધ બધે સંભળાય! ચોમાસાના૦

---

*આ બે કડીમાં કહ્યા પ્રમાણે ધનતેરશને દહાડે ગુજરાતના કેટલાક ભાગમાં લોકો ગાયને શણગારે છે.

નદી નાળાં તળાવ ભરાય રે,
જળ જળ પળમાં થઈ જાય રે;
ડૂબ્યું જાણે જગત જળમાંય ! ચોમાસાના૦

હોય વંન ધરી સજીવન રે,
નાચે ગિરિ પર મોર થનથન રે;
કરે કળા ને હોય મગન. ચોમાસાના૦

શ્રાવણ માસે સરવડાં હોય રે,
ગામ બહાર મેળે સૌ કોય રે;
જઈ લીલું લીલું બધે જોય. ચોમાસાના૦

માથે મેઘનો માંડવો આવ્યો રે,
નીચે લીલો ગલીચો બિછાવ્યો રે;
વચ્ચે મનહર મછ* ઝળકાવ્યો. ચોમાસાના૦

જીવ જંતુઓ નીપજે ઝાઝા રે,
જ્યાં જોઇએ ત્યાં છોડ છે તાજા રે;
શાકભાજીનો શ્રાવણ રાજા. ચોમાસાના૦

ભાદરવે તે ભડકી ઊઠ્યો રે,
"બાકીસાકીનું લો," હું ત્રૂઠ્યો રે;
કદી કહેશો ન કે "હું રૂઠ્યો." ચોમાસાના૦

એમ કહીને કડાકડી માંડી રે,
રહ્યા વાઘ ને સિંહ બરાડી રે;
વીજ ઝબૂકી ગગનને ફાડી. ચોમાસાના૦

દીસે સૂરજ ન થઈ રહી હેલી રે,
આણ્યો દરિયો ઉલેચી જ હેલી રે !
તોડી તેડ ને નદીઓ રેલી. ચોમાસાના૦

---

* મેઘધનુષ

આસો માસે ફળી જનઆશા રે,
પાક્યાં ધાન્ય ધરતી પર ખાસાં રે;
રહે ખેડૂતો ખેતરે વાસા. ચોમાસાના૦

ઊડી પંખી લાખો હરખાતાં રે,
ગાય ભેંસ બળદ ચરે માતાં રે;
ઊંચે આભ ફેરી, જો જાતાં. ચોમાસાના૦

ખીલ્યાં કમળે તળાવો છાયા રે,
આ બે સારસને શી માયા રે!
જો જો ચંદ્ર, ચકોર તો ધાયા. ચોમાસાના૦

શરદ્‌ચંદ્ર પૂનમ બલિહારી રે,
ગીત ગાય નવલ નરનારી રે!
હવે દિવાળીની તૈયારી! ચોમાસાના૦

* પાંચમું ધોરણ ભણનારી બાળાઓને સારુ

માતૃસ્તવન

ધોળ

(ચોચોકા)

જ્યારે હું હતું પશુ અજ્ઞાન રે,
નહોતું ખાન કે પાનનું ભાન રે;
ત્યારે કોણ મારી સંભાળ,
કરતું ધરી વા'લ? તે તો તું જ માવડી!

કોણ ઊંઘતું હેતે ઉંઘાડીને,
કોણ અંગનું હીર ધવડાવીને;

થતું હું થા અધિક પ્રસન્ન,
પોતાને મન ? તે તો તું જ માવડી!

માથું મારી ઉછાળી હું લાત રે,
ધાવું તેમ તેમ થઈ રળિયાત રે;
કોણ મીઠડાં લેતું મુખ,
પામી મહા સુખ ? તે તો તું જ માવડી!

મને કોણ ઉઠાડી બેસાડતું ?
મને કોણ રિઝાવી રમાડતું ?
કોણ ગાતું ઉંઘાડવા ગીત,
પ્રફુલ્લિત ચિત્ત ? તે તો તું જ માવડી!

જરા માથું દુઃખે કદી માહરું,
કોણ ચોંકી થતું દેખી મ્હાવરું ?
કરી* કરીને કડવા કવાથ,
પીતું ખુશી સાથ ? તે તો તું જ માવડી!

કોણ શીખવતું બોલતાં ચાલતાં,
કોણ કહેતું મનોહર વારતા ?
દીઠા દા'ડો અસંખ્ય જ દોષ,
તોએ ન કર્યો રોષ. તે તો તું જ માવડી!

તારા પ્રેમના પાર પમાય ના,
તારાં કર્યાં તે કોએ કરાય ના;
અરે તેં મળમૂત્ર અથાગ,
વહ્યાં લહ્યાં ભાગ્ય! ધન! ધન! મારી માવડી!

તારો પાડ શું વાળું વળાય ના,
મૂકી માથું ખોળામાં હું માયના;

---

* પથ્ય.

બોલું નવલ ગગળો થઈ વાણુ,
"તારું છે કલ્યાણુ!" જય! જય! મારી માવડી!

ગુજરાતની મુસાફરી

ગરબી

(અઠસમ ચોકો, રૂપક તાલ)

દક્ષિણમાં છે દમણગંગા, ત્યાંથી નીકળીએ પ્રવાસ રે;
અમલસાડ, વલસાડ, નવસારી, લેજો ફ્રણુસ અભ્યાસ.
રમીએ ગુજરાતે રે. ૧

શાં શોભે કદળીવન શીતળ, શી બહેક લીંબુવાઇ રે;
આંબા *ઈફ્રાના અમૃત સરખા, હરખી કહે દેશાઈ.
રમીએ ગુજરાતે રે. ૨

સૂરત શહેરનું સુંદર દર્શન, સુંદર રસ્ના સારા રે;
સુંદર, નાજુક, લોક વિલક્ષણ, શોખી સફાઈ કરનારા.
રમીએ ગુજરાતે રે. ૩

ઓ! આવી બરફીની દુકાનો, ઊભા રહો રઢ લાગે રે!
પાપડી પણ આપણ આ ટાણે, પામ્યા પૂરણ ભાગ્યે!
રમીએ ગુજરાતે રે. ૪

જરૂર નાતમાં જમવા જઈએ, જમણ આવાં નથી નીરખ્યાં રે!
ચિનાઈ સાડી ચપળા ચમકે, સર્વ લખેશ્રી જ સરખાં.
રમીએ ગુજરાતે રે. ૫

* એ પાસેના—એ મુલકમાં 'અહીં' ને બદલે ઈફ્રા કહે છે.

મેળા ખેળા ને વરઘોડા, નાચ ને રંગ ઠામઠામરે;
હસતાં રમતાં દીસે સદા સૌ, કરતાં હશે શું કામ?
રમીએ ગુજરાતે રે. ૬

આગળ આ હતું હિંદુસ્તાનમાં, સૌથી બંદર મોટું રે;
નામીચું દુનિયામાં તે કેમ, છેક થયું હશે ખોટું?
રમીએ ગુજરાતે રે. ૭

તાપી નાહી, લઈ લાહે ગજી, કિનખાબ કિનારી ચાલો રે;
નરબદનો નીરખી નર પૂલ, નરનાં નરપણ[1] ભાળો.
રમીએ ગુજરાતે રે. ૮

ભરુચની ટેકરી બહુ બાંકી, ટીંબાં ચઢજો તપાસી રે;
ટેડી પાઘડી કકડતાં કપડાં, રુમાલ તો ફરમાસી.
રમીએ ગુજરાતે રે. ૯

ભાંગ્યું ભાંગ્યું પણ એ છે ભરુચજ, ભૃગુનો આશ્રમ કહાવે રે;
શે'ર જૂનું ગુજરાતે આજે પણ, રૂ બહુ રેલ[2] ચડાવે.
રમીએ ગુજરાતે રે. ૧૦

ત્યાં કબીરવડ જોવા જાજો, જગમાં જે છે નવાઈ રે;
જોઈ ડભોઈ પાછા વળજો, માળમાં[3] માલ ન કાંઈ.
રમીએ ગુજરાતે રે. ૧૧

મેલ્યું ભરુચ કે આવ્યું કા'નમ, કાળી ધરતી રસાળી રે;
જ્યાં ચોમાસે જાય કળી પગ, કણબી કન્યા દે ગાળી.
રમીએ ગુજરાતે રે. ૧૨

મિયાંગામ, ઇટોલા આવે, આવે ઝાડનાં ઝૂંડ રે;
ઝાડે ચારે તળ ચરોતરનું, ગોદરું આ છે પ્રચંડ.
રમીએ ગુજરાતે રે. ૧૩

---

૧ મરદાઈ; પરાક્રમ. ૨ રેલવેના માર્ગે. ૩ પંચમહાલનો માળ પ્રદેશ.

વડોદરે નિર્ભ્રાન્ત ઊતરજો, નથી મલ્હારરાવ ઘેલો રે;
દાણનું દુઃખ તો છે હજી કાયમ, ગાંઠડી હેઠે મેલો.
રમીએ ગુજરાતે રે. ૧૪

લક્ષ્મીવિલાસ ને મોતીબાગ ને, નજરબાગનો મિનારો રે;
જોજો સવારી, સાહમારી ને, નૃપ નવીન પ્રમાણો.
રમીએ ગુજરાતે રે. ૧૫

પાન ને પર્વળ લઈ પરવરીએ, શો ઊંચો પૂલ મહીનો રે;
"આવી મહી ને ચિંતા થઈ!" એ ઉખાણો હતો અહીંનો.
રમીએ ગુજરાતે રે. ૧૬

આપે જણાય છે આવ્યું ચરોતર, બોલી ને બુદ્ધિ જ્યાં જુદી રે;
જાડી પણ ગાદી કસવાળી, ઘંઘેકાસરે[1] હદ વાળી.
રમીએ ગુજરાતે રે. ૧૭

હોય જવું વડતાલ કે ડાકોર, તો વચમાંથી વિચરજો રે;
કપડવંજે કાચ ને સાબુ, જોઈ સુધારો કરજો.
રમીએ ગુજરાતે રે. ૧૮

આવી આનંદે પાછા આણંદે, કે નડિયાદે મળજો રે;
મહમદશાહનું ગામ જોઈ ને, અમદાવાદે વળજો.
રમીએ ગુજરાતે રે. ૧૯

અમદાવાદે આદે હતી બહુ, ગાદી મોટી પાદશાહી રે;
જ્યાં ત્યાં મસીદ ને તોડા[2] તે હજી, યાદ આણે છે ભાઈ!
રમીએ ગુજરાતે રે. ૨૦

જુમામસીદ તો છે શી મોટી, મહમદશાહનું સેન સમાય રે;
જુમામસીદ જોતાં તે વખતની, ઝાંખી આજે થાય.
રમીએ ગુજરાતે રે. ૨૧

---

૧ કરકસર કરવાનો ગુણ

૨ નાના મિનારા

ભદ્રની શોભા છે બહુ સારી, ત્રણ દરવાજે કમાન રે;
હઠીસીંગને દેરે આરસ, ઓપે હીરા સમાન.
રમીએ ગુજરાતે રે. ૨૨

શાહઆલમ, સરખેજની શોભા, શી રીતે વર્ણાય રે!
અસલી ઇમારત હુન્નર આગળ, ઇજનેરી લજવાય.
રમીએ ગુજરાતે રે. ૨૩

રાજનગરના જન ઉદ્યોગી, કોડીલા કસરની સાથે રે;
વિવેકી ને પરગજુ પણ, તન, મન, કણ[1] ત્રણ વાતે.
રમીએ ગુજરાતે રે. ૨૪

રસમાં છે અહીં છપ્પા શામળ, કવિનાં પૂરણ કામ રે;
જેમ સુરતમાં પ્રેમાનંદ ને, વડોદરે દયારામ.
રમીએ ગુજરાતે રે. ૨૫

ગઈ પાદશાહી ઘણા દિવસથી, પણ શાહે[2] રંગ રાખ્યો રે;
બાંધી સાડાત્રણ તાંતણે શેરને, ધંધો ધોરી દાખ્યો.
રમીએ ગુજરાતે રે. ૨૬

ધોતીજોટા, પીતાંબર, સાડી, જે જોઈએ તે લેજો રે;
બાર બોલાવે બોતેર આવે, કોક દલાલને કહેજો.
રમીએ ગુજરાતે રે. ૨૭

આવે દલાલ ને લાવે લટકતા, વેપારી ટોળેટોળાં રે;
લડે વઢે, દે ગાળ, ખેંચે સમ ખાય, કરે કાગારોળ.
રમીએ ગુજરાતે રે. ૨૮

---

૧ ચપટી દાણા   ૨ વેપારી વાણિયાએ

આવી અગાડી ગાયકવાડી, ઘોડા ફરે મદમાતા રે;
વડનગર અને વીસનગરે, જાવું પણ નથી જાતા.
રમીએ ગુજરાતે રે. ૨૯

સરસ્વતીતીર સુંદર સિદ્ધપુર, કપિલ મુનિનું ધામ રે;
પાટણ પ્રાચીન રાજધાનીને, અહીંઆંથી જ પ્રણામ.
રમીએ ગુજરાતે રે. ૩૦

કાઠિયાવાડે હાલ નથી ભો, હાલો× તે ભણી જઈએ રે;
દેશી રાજનાં દુઃખડાં દેખી, દિલમાં દુઃખિયાં થઈએ.
રમીએ ગુજરાતે રે. ૩૧

રેત ગઈ ને પા'ણા આવ્યા, ઝાડનું દેખું ન નામ રે;
ખરે સૌરાષ્ટ્ર તો ખનિજ ખજાનો, ખોલ્યાનો ખરો ઠામ.
રમીએ ગુજરાતે રે. ૩૨

પ્રથમ જૂનાગઢ ચાલો જઈએ, નરસિંહ મે'તાનો ચોરો રે;
છતું કર્યું ગુજરાત સપૂતે, એનો પાડ ન થોડો.
રમીએ ગુજરાતે રે. ૩૩

જામનગર મચ્યું રાગ ને રંગમાં, ભાવનગર ભળપણમાં રે;
પહેલા વર્ગનું ચોથું ધ્રાંગધ્રા, પોરબંદર હાલ ગણમાં.
રમીએ ગુજરાતે રે. ૩૪

સુદઢ, તીખા, શોખી, શાણા, મતલબી ખટપટવાળા રે;
મીઠા તો મધથી પણ અદકા, લોક આણીકોર ભાળ્યા,
રમીએ ગુજરાતે રે. ૩૫

જોવા લાયક રાજ્ય રહ્યાં બહુ, પણ કહોને શું કરીએ રે !
રાજાધિરાજની રાજધજા જ્યાં, રાજકોટે જઈ ઠરીએ.
રમીએ ગુજરાતે રે. ૩૬

× ચાલો

દરેક બીજાં રાજ્ય બધાં ત્યાં, આવી પ્રસંગે જાશે રે;
જોઈ રહ્યા કે વળશું પાછા, પ્રવાસ પૂરો થાશે.
રમીએ ગુજરાતે રે. ૩૭

રહી ગયું જોવું દીવ બંદર, ને ધોલેરું, ઘોઘું રે;
ખારાઘોડે ખૂટે ન મીઠું, પાણી પણ જ્યાં મોંઘું રે.
રમીએ ગુજરાતે રે. ૩૮

પશ્ચિમે દ્વારિકા, પૂર્વે કાળી, ઉત્તરે અંબા માત રે;
દક્ષિણે કુંતલેશ્વર એ છે, ચારે ચોકી ગુજરાતે.
રમીએ ગુજરાતે રે. ૩૯

ઊના પાણીના કુંડ લસુંદ્રા, ગોધરા, ને ઉનાઈએ રે;
ગંધક તો ગંધાય છે ખુલ્લો, રામ સુધી શીદ જઈએ?
રમીએ ગુજરાતે રે. ૪૦

વિમળશાહનાં દેરાં બળેલાં, લાવા રસમાં× દટાયાં રે;
જોતાં જાણે જ્વાળામુખીનું, જોર જે જન છે ડાહ્યા.
રમીએ ગુજરાતે રે. ૪૧

રહે છેવાડે છાવણી ડીસા, હવાપાણી જ્યાં સારાં રે;
પાલણપુર ઉપરથી થઈ ને, આબુજી જોવા ધાર્યાં.
રમીએ ગુજરાતે રે. ૪૨

વળી વનસ્પતિ વિધવિધ ઔષધિ, જૈન દેરાં જયકારી રે;
"અટે કટે" કરનાર મેવાડ ને, મારવાડની અહીં બારી.
રમીએ ગુજરાતે રે. ૪૩

×પૃથ્વીની અંદર જે બળતો રસ છે, તે જ્વાળામુખી ફાટે ત્યારે ઊભરાઈ આવે છે.

વાદળાં અંગે અડકી હીંડે, ટાઢે જવાય ઠૂંઠવાઈ રે;
પાલીતાણે, ગિરનાર, શેત્રુંજે, ભૂલ્યાં આપણે જવું ભાઈ.
રમીએ ગુજરાતે રે. ૪૪

રાધનપુર જઈ રણને ઝાંખવું, કચ્છભુજ જ્યાંથી જવાય રે;
માંડવી બંદરેથી ઊપડતાં, મુંબઈ બોટ+ અવાય.
રમીએ ગુજરાતે રે. ૪૫

મુંબઈ તો અલબેલી કહાવે, જાણીતી જગમાંહ્ય રે;
વિદ્યા, હુન્નર, વેપાર ને રાજનું, નૂર નવલ શું ગાય.
રમીએ ગુજરાતે રે. ૪૬

चैत्र मासनुं चित्र

गरबी

(ચોછક્કા)

ચતુર, ચૈત્રને વસંતવર્ગે શીદ ભણ્યો જો ?
લોક ક્યારનો ઉનાળે ગુણ લેખી ગણ્યો જો. ચતુર૦

પડે તાપ જ બપોરે, તોબા તે થકી જો;
રૂડી રાત્રિ ને સવાર, સાંજ છે નકી જો. ચતુર૦

રાત્રે નિર્મળા આકાશે, તારા ઝગઝગે જો;
ચોગમ ચાંદનીમાં ચંદ, ચારુ ચગચગે જો. ચતુર૦

સાંજે વા'ણે શીતળ મંદ, પવન વાય છે જો;
એથી નિશાળો સવારમાં, ભરાય છે જો. ચતુર૦

પણ જંત્ર વેળા ધરતી, ધગી જાય છે જો;
છત્રી જોડા વિના ડગલું, ના મુકાય છે જો. ચતુર૦

+ આગબોટ

પડે તાપ તપે તાલકું, માથું ભમે જો;
લોહી ઊકળે ને આવે, ઊંઘ આ સમે જો. ચતુર૦

ઊંઘે વાઘ નાગ આદિ, શોધી છાંયડા જો;
બેઠાં ઝાડ પર, જો ડોલાં ખાય પંખીડાં જો. ચતુર૦

પડ્યાં માળામાંથી બાળપંખી તરફડે જો;
નવલ કહે લાગે લૂ, બાળક બહાર રડવડે જો. ચતુર૦

વૈશાખ માસનું ચિત્ર

લૂ લૂ લૂ વૈશાખે શાખે શાખો લાધિયો જો!
આ શું પૃથ્વીએ પંચાગ્નિ જોગ સાધિયો જો! લૂ લૂ લૂ૦ ૧

જાણે ભઠ્ઠીની જ પાસ ઊભાં આપણે જો;
એવા તડકાના ભડકા લાગે બારણે જો. લૂ લૂ લૂ૦ ૨

આંખે આવે અંધાર તડકે તાકતાં જો;
વને વનચરો જળ ઝાંઝવાંનાં ઝાંખતાં જો. લૂ લૂ લૂ૦ ૩

ગોંધાઇ ઘરમાં બેઠે ન ચેન આ ઘડી જો;
આવે ઝાળ ને ઝલ્લાઈ જાય ચામડી જો. લૂ લૂ લૂ૦ ૪

ગામ બહાર લૂને ઝપાટે ઘાસ છોડવા જો;
ગયા સુકાઈ રીમાડા મસાણ સમ હવા જો. લૂ લૂ લૂ૦ ૫

બોડાં બોડાં બહુ જ ઝાડ પણ દીસે ખરાં જો;
વાયા વાયરા ને ખરર ખર્યાં પાતરાં જો. લૂ લૂ લૂ૦ ૬

વાંસનાં વન સળગી ઊડે આ સમે જો;
દારુણ દવ બધું જ બાળતો ચોગમ ઘૂમે જો. લૂ લૂ લૂ૦ ૭

પશુ, પક્ષી, વૃક્ષ, વલ્લી પ્રલય થાય છે જો;
ઉજડ ઉજડ **નવલ** જંગલો જણાય છે જો. લૂ લૂ લૂ૦ ૮

जेठ मासनुं चित्र

આવ્યો જેઠ ને બફાઈ ચાલ્યાં બાફથી જો!
ફૂટે છે ફુવારા જોને, રોમ રોમે જો. આવ્યો જેઠ૦ ૧

એવાં ઝરણુ ઝાઝાં મળી નદી વહે ડીલે જો;
ટીપાં ટપકે ટપ કપાળે, ગાલે ને ગળે જો. આવ્યો જેઠ૦ ૨

જળ જેટલું ઝરે છે, તેટલું ખરે જો;
પાણી પાણી કરી પ્રાણુ, પાછું લે અરે જો. આવ્યો જેઠ૦ ૩

સૂકી જીભ ને જનાવરો દોડે વને જો;
હતાં જે સૂતાં સંતાઈ ગુફાને ખૂણે જો. આવ્યો જેઠ૦ ૪

મળે જળ ન, જળ વિના સૌ બ્હાવરાં થયાં જો;
નદી નાળાં ને તળાવ તો સુકાઈ ગયાં જો. આવ્યો જેઠ૦ ૫

પાણી કૂવાનાંએ કમી થઈ જાય છે જો;
લાંબા દહાડલા આ દોહ્યલા કહેવાય છે જો. આવ્યો જેઠ૦ ૬

ઘણાં હોય છે તોફાન દરિયા પરે જો;
ચડી વા વંટોળે જગથળે જુલમ કરે જો. આવ્યો જેઠ૦ ૭

ધરણીથી ઉઠાવી ધૂળ ગગને લઈ ચડે જો;
આંધી હોય ને દબાય આદમી ઊંટ દડે † જો. આવ્યો જેઠ૦ ૮

વા'ણો ડોલી, સઢ તોડી ચકડોળે ચઢી જો;
ડુબે દરિયામાં જોને મરણબૂમ પડી જો! આવ્યો જેઠ૦ ૯

મહાસાગરે જળસ્તંભ થઈ મેઘે મળે જો;
રણે રેણુના રે **નવલ** થાતા હળદળે જો. આવ્યો જેઠ૦ ૧૦

---

† ધૂળન ઢગલા

भक्तिनुं परोढियुं

राग प्रभात

(ચોછકા)

ઊઠી પ્રભાતે સમરીએ–રાગ

શાંત શાંત સકળ સ્થળે શાંત ચિત્ત સારું;
શાંતિનો દાતાર સાર, શ્રી પ્રભુ સંભારું. શાંત શાંત૦ ૧
પૂર્ણ બ્રહ્મભક્તિનું પરોઢિયું છે આજે;
પ્રફુલ્લ ઉદક કમલ પલ્લવ બુંદ આનંદ આજે. શાંત શાંત૦ ૨
મોહરાત્રિનો કાળાશ ઝાંખો થયો ભાઈ;
પાપરુપ પોયણી આપે ગઈ બિડાઈ. શાંત શાંત૦ ૩
શીતળ, સુગંધિત, મંદ ચિદાનંદ પવને;
જાગ્યો જીવ જગાડે જગત, ગંભીર ગૂઢ કવને. શાંત શાંત૦ ૪

छठ्ठुं धोरण भणनारी बाळाओने सारु

प्रभातवर्णन

प्रभातियुं

(અષ્ટચોકા)

જાગો, જાગો રે, મારાં ઉજમાળાં બેનો કે,
વા'ણેલાં ભલાં વાયાં રે ! ટેક.
જાગ્યાં જાગ્યાં રે, મોર પોપટ મેના કે, વા'ણેલાં૦ ૧
ધીમે ધીમે રે, બોલ બોલે રસાળા કે, વા'ણેલાં૦
જાણે જાણે રે, એ જગાડે છે બાળા કે, વા'ણેલાં૦ ૨

બીજાં બીજાં રે, બા'ર પંખી કલ્લોલે કે, વા'ણેલાં૦
ઊડે ઊડે ને, મીઠું મીઠું જ બોલે કે, વા'ણેલાં૦ ૩

ચીં ચીં ચીં રે, કરે ચકલી આનંદે કે, વા'ણેલાં૦
રમે રમે રે, ખિસકોલી સ્વચ્છંદે કે, વા'ણેલાં૦ ૪

બોલે બોલે રે, ગાય ભેંસ ગૌશાળે કે, વા'ણેલાં૦
નાચે નાચે રે, નાનાં વાછરું વા'ડે કે, વા'ણેલાં૦ ૫

જોજો જોજો રે, ઊંચે પંખી આકાશે કે, વા'ણેલાં૦
ચક્કર ચક્કર રે, ફરે ફૂદડી ઉલ્લાસે કે, વા'ણેલાં૦ ૬

ઊંચો ઊંચો રે, ચડ્યો સૌથી ચંડોળ કે, વા'ણેલાં૦
ગાતો ગાતો રે, રસે ઝાકમઝોળ કે, વા'ણેલાં૦ ૭

ગાયે ગાયે રે, ગુણીજન બ્રહ્મનામ કે, વા'ણેલાં૦
હરખે હરખે રે, આખું જગત આમ કે, વા'ણેલાં૦ ૮

હસી હસી રે, ઊઠ્યાં વૃક્ષ ને વેલા કે, વા'ણેલાં૦
ખીલ્યાં ખીલ્યાં રે, મન કમળ આ વેળા કે, વા'ણેલાં૦ ૯

ઊગે ઊગે રે, સૂરજ સુખધામ કે, વા'ણેલાં૦
તેનો તેનો આ ઓચ્છવ ઠામઠામ કે, વા'ણેલાં૦ ૧૦

ભાળે વા'ણે એ, સૌ ઊગમણી દિશ કે, વા'ણેલાં૦
રાતી રાતી જે, સોનેરી અતિશ કે, વા'ણેલાં૦ ૧૧

ઓ! આ ઊગ્યો રે, જગ ઝગમગ્યું સંધું કે, વા'ણેલાં૦
જાણે ઝળકોળી રે, કાઢ્યું જ્યોતિને સિંધુ કે, વા'ણેલાં૦ ૧૨

દીપી દીપી રે, ઊઠ્યા બાગબગીચા કે, વા'ણેલાં૦
ઝળક્યા ઝળક્યા રે, લીલા ઘાસે ગલીચા કે, વા'ણેલાં૦ ૧૩

જય જય જય જય રે, ભણી ઋષિઓ ઊભેલા કે, વા'ણેલાં૦
હેતે હેતે રે, ધરે ધ્યાન આ વેળા કે વા'ણેલાં૦ ૧૪

ધ્યાને ધ્યાને રે, પરિબ્રહ્મને ધારે કે, વા'ણેલાં૦
માગે માગે રે, સદ્‌બુદ્ધિ જ પ્યારે કે, વા'ણેલાં૦ ૧૫

સાચે સાચે રે, સમો ભક્તિનો આ છે કે, વા'ણેલાં૦
સહેજ સહેજ રે, સંધ્યા વંદન સાચે કે, વા'ણેલાં૦ ૧૬

આ છે આ છે રે, સુખધામનો કાળ કે, વા'ણેલાં૦
જે કોઈ જાગે રે, તેનાં ભાગ્ય વિશાળ કે, વા'ણેલાં૦ ૧૭

આવે આવે રે, મંદ શીતળ પવન કે, વા'ણેલાં૦
એ'ક એ'ક રે, શી સુગંધી આ વન કે, વા'ણેલ૦ ૧૮

તાજાં તાજાં રે, થાય તન ને મન કે, વા'ણેલાં૦
વાધે વાધે રે, વય, વિદ્યા ને ધન કે, વા'ણેલાં૦ ૧૯

इतिहासनी आरसी

गरबी

(છચોકા)

ઇતિહાસની આરસી સાહી, મેં જોયું માંહી;
થીર થાવર દીઠું ન કાંઈ, ફરતી છે છાંઈ! ૧

આ મુલક બધામાં આજ, કયાંના ક્યાં રહેતા;
ઈંગ્રેજ કરે છે રાજ, જગમાં જશ લેતા. ૨

પણ દોઢસો વર્ષ પછાત, જો જોઇએ એ ઝાંખી;
દીસે દક્ષણીઓ ગુજરાત, ઘૂમતા ડર દાખી. ૩

ગો પેશવાઈનો દોર, પુનેથા સંચરતા;
બહુ ચકરા જાલમ જોર, "ઈકડે યા" કરતા. ૪

માંડ્યા રાજે અધર્મ અપાર, ધર્મનું કહાવે જે;
કરી ચાર દિવસ ચમકાર, શૂન્ય થયું સહેજે. ૫

પેશવાઈ પહેલાં મુગલાઈ, ચાલતી ચોપાસે;
અહીં સ્થાપી અકબરશાહી, બાંધી નીતિ પાસે. ૬

નહિ જુલમ, ન ઝાઝું દાણુ, નહિ પક્ષાપક્ષી;
દીધું દેશીને માન સમાન, દેશાઈગીરી બક્ષી. ૭

ટકી બસેં વરસ મુગલાઈ, તે આને યોગે;
જ્યારે રાજનીતિ બદલાઈ, પડી મરવા રોગે. ૮

આ બસેં વરસ પણુ બાદ, કરી જો પછવાડે;
પાદશાહી અમદાવાદ, સ્વતંત્રપણે લાડે. ૯

"કુત્તે પર આયા સસ્સા–બસાયા શે'ર શાહને;"
આ આશા ભીલને અસા–વળે ગમ્યું તેજાને. ૧૦

થયો મહમદ બેગડો એક, છેક મહા મોટા;
બાંધ્યા મસીદ મિનારા અનેક, શે'ર સળંગ કોટા. ૧૧

હતો જબરજસ્ત મહા શૂર, મહા મોટા જંગી;
ચડી વા'ણે લડી ચકચૂર, કર્યા બહુ ફિરંગી. ૧૨

પણ પાંચસેં વીસ અગાઉ, હતું એ ક્યાં શે'રજ;
હવે પાટણપુરને ગાઉ, થયો રપકરા કેરજ. ૧૩

સન તેરસેં પૂરાં માંહ્ય, થયા હિંદુ પૂરા;
પડ્યું પાટણ વરત્યો ત્રાહ્ય, ધિક! નાગર નગુરા! ૧૪

પેઠા મુલકમાં મુસલમાન, "મારું મારું" કરતા
લૂંટે ઝૂંટે વટાળે, લે જાન, વહુ દીકરી હરતા. ૧૫

લડ્યા પડ્યા હજારો શૂર, "ભલે મારીએ મરીએ;"
વહ્યું લોહી જેમ જળપૂર, ડૂબ્યો દેશ તે દરિયે! ૧૬

એ દિવસ પડી જે પોક, હજી ગગને ગાજે!
એ દિવસ દેશીઓ શોક, કરોને મળી આજે! ૧૭

એ દિવસ થકી પરતંત્ર, થયા લાગી આપણુ રે!
એ આગે હતા સ્વતંત્ર, હિંદુ સૌ આપણુ રે! ૧૮

વધ્યો શોક થંભ્યું મુજ ગાન, જ્ઞાન, આ એકજ રે!
વિના ધર્મ **નવલ**, આ સ્થાન, ચલિત સૌ છેક જ રે. ૧૯

वसंतवर्णन

होरी

પચરંગી પટકુલ ધારી,
દીપે કુદરત આ રતે ન્યારી.

કુમળાં ચળકતાં વૃક્ષે સજ્યાં નવ પલ્લવ જૂનાં ઉતારી,
આંબે મોર અથાગ જ ઝૂકે, જાણે કલગીઓ સારી;
વસંતની આવી સવારી! દીપે૦ ૧

વીંટી વળી વેલી સૌ સૌને, વૃક્ષે હસ્ત પ્રસારી,
ફૂલનાં ઝૂમખે ઝૂમખાં જે પર, રંગબેરંગી અપારી!
ઝૂલે ઝાડી ફૂલ ભરી ભારી દીપે૦ ૨

ફૂલભરી ડાળો ડોલે, ખરે ફૂલ, પથરાઈ ફૂલની પથારી,
ભ્રમર હજારો ગુંજાર કરતાં, સુગંધી લેતાં ગયાં હારી!
બધું રહ્યું બહેક જ્યાં મારી! દીપે૦ ૩

ફૂલભરી ડાળો ડોલે હીંચોળે, બેઠાં પોપટ મેના પ્યારી,
ને નવરંગી અવર બહુ પંખી, મધુર કરે રવ તારી;
કોયલની છે બલિહારી! દીપે૦ ૪

કોયલો કૂહૂ કૂહૂ કરી રહે, પંચમ સુર અનુરાગી,
ઘટ્ટ ઘટામાં પડધા પડે ને કુંજ દીપી રહી સારી;
મનોહર કામણગારી! દીપે૦ ૫

દ્રાક્ષને માંડવે લાખો દરાખો, લીલી લોચનઠારી!
કુમળા બપોરના તાપે તરસ્યાના હાથ લોભાવનારી;
ઠંડે ઠંડક કરનારી! દીપે૦ ૬

ઊગ્યા ગુલાબ, ને આવી ગુલાબી ટાઢની તો હવે વારી!
વાયે સવારમાં મંદ સુગંધિત, શીતળ સમીર સુખકારી;
અંગે ઉમંગ વધારી! દીપે૦ ૭

રંગ્યાં ઉમંગ્યાં પશુ, પંખી, નર, નાર, કુમાર, કુમારી,
સર્વે સજોડે રમે, જમે કોડે, સર્વ કરે મઝાદારી;
મુખે મીઠી હોરી ઉચ્ચારી! દીપે૦ ૮

હોરીના સુર ઘૂમી રહ્યા ચોગમ, ચોગમ લગન છે જારી,
લગનસરા તો વસંતે જ સોહે, વસંત છે લગન આચારી!
જેણે રચી અજબ તૈયારી! દીપે૦ ૯

એ રીતે આ રતે પાંચે ઇંદ્રિયો, ને હૃદય રીઝવ્યાં સંસારી,
હોળીરમણ, આ હરખભરણની, રીત સ્વાભાવિક ધારી;
ગણો ચાલ ગંદી નઠારી! દીપે૦ ૧૦

સંત સ્તવે ભગવંત વસંતે, ઉચ્ચ સ્વરે લલકારી,
જેણે જગતમાં ચોગમ ફરતી, આવી અનુપ ઉપકારી;
લલિત લીલા વિસ્તારી! દીપે૦ ૧૧

જય! જય! જય! સચરાચર સુંદર, જય ચિદ્રૂપ ભયહારી,
જય! જય! એક અકળ, બ્રહ્માંડ, અખંડ અખિલ વિહારી;
નવલ તનમનના ધારી. દીપે૦ ૧૨

ગુણનું કજોડું અથવા વહેમી સ્ત્રીનું વર્ણન

ગરબી

(સમછક્કો)

કેવું આ કજોડું તે કહેવાય, દેશી કહોને તમે, કેવું આ૦ ટેક.

પુરુષ તો ભણ્યો ને ગણ્યો છે ઘણો ગુમાની આ;
સ્ત્રીથી ના સ્વભાષા શુદ્ધ બોલાય. દેશી૦ ૧

ભાઈ તો ભૂગોળ ને ખગોળમાં ઘૂમે છે;
બાઈનું તો ચિત્ત ચૂલામાંહ્ય. દેશી૦ ૨

પુરુષ આ પ્રવીણ પૂરો પુસ્તકો રચે છે;
પેલીથી ન પત્ર વંચાય. દેશી૦ ૩

ભાઈ તો સ્વદેશ સુધારવા મથે છે;
બાઈ કહે 'હું જોઉં શી રીતે થાય.' દેશી૦ ૪

પુરુષ ધૂર્ત ઢોંગીના જ ઘાટમાં ફરે છે;
તે તો ઘેર પેલીથી પૂજાય. દેશી૦ ૫

ભાઈ તો સભામાં જઈ સુભાષણો આપે;
બાઈ જઈ રાજવીઓ ગાય. દેશી૦ ૬

પુરુષ તો પધારે સુધારાની મંડળીમાં;
પેલી પાપી મંડળીમાં જાય. દેશી૦ ૭

ભાઈ તો નસીબનો નકાર કરે મંડળથી;
બાઈ તો ગરોડા પૂઠે જાય. દેશી૦ ૮

પુરુષ તો પવિત્ર પરમ ઈશને પૂજે;
ગોવાળની ગલીચી પેલી ચાહ્ય. દેશી૦ ૯

ભાયડો ન ભૂલથીએ ભૂંડું કદી ભાખે;
ભૂંડણી વિવાહે વિષ્ટા ખાય. દેશી૦ ૧૦

દેશીઓ ન દોષ દેશો, જો કદી એ બાપડાં;
હારી કરે એ પીડા વિહાય. દેશી૦ ૧૧

છેક જ જ્યાં આવી રીતભાત મતિ જુદી છે;
પ્રીત તે શી રીતે રે બંધાય? દેશી૦ ૧૨

વાત શું કરે ને અરે ચિત તે શું એ કરે?
એક એકને ન જ્યાં સુહાય. દેશી૦ ૧૩

ચાલતા વહેવારની તો વાત જ તજવી;
એણે જ રણસ્તંભ રે રોપાય. દેશી૦ ૧૪

વિદ્યાના વિનોદકેરી વાત કદી કહાડે;
બ્હીલું બ્હીલું પેલી જોય ત્યાંય. દેશી૦ ૧૫

વર્તમાનની વાત એને નહિ ગોઠે;
એની તો જુદી જ છે દુનિયાય. દેશી૦ ૧૬

એને ઝોડઝપટની, કે કામણટૂમણની જ વાત;
કે કૂટવા જવાની રે સહાય. દેશી૦ ૧૭

એ તો જાણે ખાવું પીવુ પહેરવું ને ઓઢવું;
કે નજર ઉતારના ઉપાય. દેશી૦ ૧૮

ઝાઝું શું કહેવું રે થોડું લખે ઘણું માનજો;
અભણ વ્હેમી મૂરખની એ રાય. દેશી૦ ૧૯

વચનું રે કજોડું કદી હોય, હાય હાય થઈ;
ભૂંડું ભૂંડું ભૂંડું બહુ ભણાય. દેશી૦ ૨૦

રૂપનું કજોડું પણ વિરૂપ રે મનાય છે;
ગુણનું કજોડું ના ગણાય? દેશી૦ ૨૧

કેમ રે લગાર કંઈ વિચાર કરો, નાર નહિ કે;
નરથી આ કજોડું કેમ વેઠાય? દેશી૦ ૨૨

ગુરૂઓનું કજોડું સર્વથી સંસારમાં,
લાજ જેની ના કદી હોલાય. દેશી૦ ૨૩

લાજ એ લાગી રહી છે ઠામઠામ **નવલરામ;**
આંખ જો ઉઘાડો તો દેખાય. દેશી૦ ૨૪

बाळलग्नमां तमाम नुकसाननो उपसंहार

गरबी

(સમશ્ચોકા)

હાંરે નામ બાળલગનનું બાળો !
બાળો કે ખાડમાં ઘાલો રે ! નામ બાળ૦ } ટેક૦

બાળલગનનું નામજ સુણતાં, આવે મને કંટાળો રે; નામ૦
બાળલગનનું દુઃખ દેખીને, દેશ થઈ ગયો કાળો રે; નામ૦
બાળ બિચારું શું સમજે એમાં? ઠાઠ શો માંડયો ઠાલો રે; નામ૦
દૈવ ઉપર શાદ દોષ મૂકો છો? પ્રકૃતિ વિરુદ્ધ જ ચાલો રે; નામ૦
બાળલગનની ભૂંડી રુઢિ, આંખ ઉઘાડી ભાળો રે; નામ૦
ભૂંડી રંડાએ સૂકવી નાખ્યો, સુંદર દેશ રસાળો રે; નામ૦
બાળલગનથી તો બાળક-બળને, પાયો પૂર્ણ પ્રજાળ્યો રે; નામ૦
ઉદ્યમ હોંસ પરાક્રમ આદિ, સ્હેજે બળી ગઈ ડાળો રે; નામ૦
બાળલગનથી તો વિદ્યાવૃદ્ધિનો, મારગ મૂળથી બાળ્યો રે; નામ૦
"ભટ્ટ ભણ્યા તો કે પરણ્યા છીએ, ધનમાં આ ઊભી ધાડો રે"; નામ૦
બાળલગને બળબુદ્ધિ હરીને, સુખનો સંભવ ટાળ્યો રે; નામ૦
હુન્નરકળામાં પાછળ પાડી, પૈસો વિલાતે વાળ્યો રે; નામ૦
બાળલગનથી હોય કજોડાં, દુઃખ દુઃખ જેમાં હજારો રે; નામ૦

બાળલગ્ને હડહડતો આણ્યો, કળજુગ કાળ કરાળો રે; નામ૦
બાળકનાં માબાપ બને છે, બાર વરસનાં બાળો રે; નામ૦
બાળલગ્ને તો ઢીંગલા ઢીંગલી, સરખાં બન્યાં નરનારો રે; નામ૦
ભર જોબનમાં ઘડપણ આણ્યું, આણ્યો મરણનો વારો રે; નામ૦
બાળલગ્ને બન્યો બળહીન બીકણ, આપણો સઘળો રસાળો રે; નામ૦
બાળલગ્ને અરે બાયલો કીધો, ભરતનો ખંડ યશાળો રે; નામ૦
બાળલગ્ને દુઃખ સકળનું મૂળ જ, કળિજુગ એ જ વિચારો રે; નામ૦
બાળલગન તજી, નવલ સ્વજન સૌ, દેશને ડુબતો તારો રે; નામ૦

ફીમેલ ટ્રેનિંગ કોલેજમાં અભ્યાસ કરનાર સારુ

લાડી-વિદાય

ગરબી ૧લી

(સમચોકો ત્રિતાલ)

આજ હોય સાસરે લાડી વિદાય રે,
આશરે, ઇશ તારે.

ઇશ, તું રક્ષણ કરજે રે એનું;
એનું ન અન્ય કો ત્યાંય રે. આશરે૦ ૧

સાસરી હોય સુંવાળી ઘણેરી;
તોપણ કઠણ કહેવાય રે. આશરે૦ ૨

ગામ અજાણ્યું ને ઠામ અજાણ્યું;
જન અજાણ્યા માંહ્ય રે. આશરે૦ ૩

ખાવું પીવું પર મરજી પર;
ભૂખે મૂએ ન મગાય રે! આશરે૦ ૪

નિત્યનાં નિર્ઝણ કરતાં શીખવાં શું;
આ વ્રત કાઢ્યું વડાય રે? આશરે૦ ૫

બોલવું તો પૂછ્યું, ચાલવું ચાલે રે;
કહેલું જ કરવું સદાય રે. આશરે૦ ૬

બાર વરસની બાળકીએ કયમ;
ઠાવકાં આમ થવાય રે? આશરે૦ ૭

રમતી કૂદતી હરણીએ તો કયમ;
પગલાં ભરાવ્યાં ભરાય રે? આશરે૦ ૮

લાડે રમેલી કેમ ચરણ મુખ;
ને મન બાંધ્યાં મુકાય રે? આશરે૦ ૯

જીવતાં જડ થઈ પૂતળાં પેઠે;
નચાવ્યાં કેમ નચાય રે? આશરે૦ ૧૦

જોગી જતિની ન જ્યાં ગતિ ચાલે;
તે કેમ કહો એથી થાય રે? આશરે૦ ૧૧

થાયે કે નહિ પણ નિશ્ચે કરે છે;
એમ જ સુકોમળ બાળાય રે આશરે૦ ૧૨

એથી અધિક કંઈ હોય ત્યારેજ;
નવલ સાસરી નિંદાય રે. આશરે૦ ૧૩

ગરબી ૨ જી

(ચોચોકા)

સાસરે જતી છોડીનો ઉત્તર

માડી તું મારી, છોડને શોક નકામો;
છોડીને સાસરા વિણુ કયાં વિસામો? } ટેક

સાસરી તો સર્વે સ્ત્રીને શિર સરજી,
એમાં સુખ શોભા સકળ સુંદર જી;
ચાલી આવી રીત એ તો ઘરઘર જી. માડી૦ ૧

માટે તમે ધીર ધરી મને આપો,
મને તો સહેજે હોય સંતાપો;
અમે ન જવું મેલી માયાળુ માબાપો. માડી૦ ૨

કાપીને કોમળ કેળની ડાળી,
જાણે ખોદી ઠામ કઠણુમાં ઘાલી;
રુએ રુએ આંસુડાં તે ઢાળી. માડી૦ ૩

કલેજું મારું તો ફડફડ થાયે,
પીપળનાં પાન પેઠે કંપાયે;
મારે મન પૃથ્વી રસાતળ જાયે. માડી૦ ૪

એવું મને લાગે છે સહજ સ્વભાવે,
સાસરીએ જવું પ્રથમ કોને ભાવે?
રહેજે સદા સર્વેને રડવું તો આવે. માડી૦ ૫

તોપણુ આ શોક ક્ષણિક ગણુ મારો,
ઊંડો ને ગાઢો બહુ જ છે તારો;
દુ:ખી મારા દુ:ખમાં હોય વધારો. માડી૦ ૬

સાસરીએ દુઃખ તો પહેલું પલ્લામાં,
તમે કહ્યાં તે બધાં દુઃખ સાચાં મા!
તોપણ સહ્યા વણ શો છૂટકો છે મા? માડી૦ ૭

માટે મા, શોક તજી કહો પ્રીતે,
સાસરીએ સુખી થવાય શી રીતે?
પરાયાં હોય પોતીકાં નિત્યે. માડી૦ ૮

શાબાશ! શાબાશ! સુતા મતિ તારી!
સફળ કરી સકળ કેળવણી તેં તારી!
સુખી રહે આ છેલ્લી નવલ શીખ ધારી. માડી૦ ૯

ગરબી ૩જી

(અષ્ટચોકા ત્રિતાલ)

શિક્ષાસૂત્ર

સાંભળ, સાસરે વાસ કર્યાનાં,
સૂત્ર પવિત્ર મર્માળાં રે;
અક્ષરે અક્ષર અંતર કોતરી,
રાખજે કોમળ બાળા રે. ટેક૦

કામ કઠણ બહુ કરવાં પોતીકાં,
જે છે છેક પરાયાં રે;
એવું કરવું તો ઈશ્વર હાથે,
પણ આપણે થાવું ડાહ્યાં રે. સાંભળ૦ ૧

પ્રેમ વિના પરપ્રેમ પમાય ન,
કેમે કરી કો કાળે રે;
માટે પ્રથમ તો આપઅંતર ભર,
શ્વસુરપક્ષ પર વા'લે રે. સાંભળ૦ ૨

શ્વસુરપક્ષ છે પક્ષ જ તારો,
વિચારી જો ચિત્ત માંહી રે!
જે કુળ ઊપજી ઊછરી હેતે,
ત્યાં તો થઈ તું પરાયી રે! સાંભળ૰ ૩

ઘર તે સાસરડું જ હવે તુજ,
આ તો પિયેર સૌ કહે છે રે;
ભાઈ ભોજાઈ આપે રીઝી જે,
બાપડી બેન તે લે છે રે! સાંભળ૰ ૪

હક હીયાંથી ઊઠ્યો, બેઠો ત્યાં,
કઠણ વચન આ કહેતાં રે;
હૈયું મારું ઊથલાઈ જાયે,
આંખે આંસુ વહેતાં રે. સાંભળ૰ ૫

પરઘરનું ધન પુત્રી કહાવે,
સાચું આજ મેં માણ્યું રે;
સુખ દેખીશ હવે હું જ્યારે તે,
સાચું સરળ એ જાણ્યું રે. સાંભળ૰ ૬

જાણી શ્વસુરકુળ કુળ જ તારું!
રહેજે રોજ તે રુખે રે;
તેની શોભાએ શોભા તારી,
સુખે સુખ દુઃખ દુઃખે રે. સાંભળ૰ ૭

“પિયેર પનોતું રાખો પ્રભુ પણ,
સાસરું તો ઘર મારું” રે;
એમ વિચારી મનસા વાચા,
કર્મણા કરે તે પ્યારું રે. સાંભળ૰ ૮

પ્રેમે પોતીકું એમ ગણ્યું કે,
સહેજે પોતીકું થાશે રે;
સાસુ, નણુંદ. વર, દિયર, સસરો,
સર્વે ચિત્તથી ચા'શે રે. સાંભળ૦ ૯

વખતે વચન કડવાં કહે તોપણ,
વિનય, ન તજવો તારે રે;
"વનો વેરીને વશ કરે છે",
મંત્ર એ મોંઘો ભારે રે. સાંભળ૦ ૧૦

"કામ કર્યાં તેણે કામણ કીધાં",
એ કહેવત છે સાચી રે;
દોરા ચિઠ્ઠી ને છૂમંતરની,
કથની કપટી કાચી રે. સાંભળ૦ ૧૧

વિનય વિવેક ને વા'લ વધારી,
ધરી ધીરજ, કરી કામો રે;
સદા સુઘડતા સદ્‌ગુણ ગ્રહીને,
નવલ કહે સુખ પામો રે. સાંભળ૦ ૧૨

ગરબી ૪થી

(રાગ ઉપરનો)

શાણાં સુઘડ સદ્‌ગુણી બની બેની,
સાસરે સુખિયાં થાજો રે!
સંસારે સૌ સ્ત્રીકર્તવ્યો,
કરી પરમ પદ પાજો રે! શાણાં૦ ૧

છર, મિજાજ તો ત્યાગ જ કરવો,
જો સાસરીએ રહેવું રે!
શાણપણે સૌ સાથે બોલવું,
ચાલવું લેવું દેવું રે. શાણાં૦ ૨

મધુર વચન છે મધથી મીઠાં,
જનમન રંજનકારી રે;
નારીનું ભૂષણ—નારીજ નહિ જે,
નમ્રપણું ન ધરનારી રે. શાણાં૦ ૩

સ્વજન, પરજન, દાસ દાસીશું,
વદવું વિધિ વિવેક રે;
સૌ સાથે સૌ લાયક ચાલવું,
મા'લવું મારગ સીધે રે. શાણાં૦ ૪

વણુ કહે મન વર્તી વરતવું,
સાસરે સૌને અનુસરતું રે;
પિયુરંજન પર તો મન નિશદિન,
ખંતે અખંડ જ ધરતું રે. શાણાં૦ ૫

પ્રેમે પિયુમન રંજન કરવું,
માનિનીધર્મ એ મોટો રે;
ચાર પદારથ એથી પમાયે,
અન્ય ઉપાય તે ખોટો રે. શાણાં૦ ૬

સ્વામી સંબંધે શ્વસુરપક્ષની,
સેવા કરવી સુરીતે રે;
માતપિતા સમ સાસુસસરા,
માનવાં મનથી નિત્યે રે. શાણાં૦ ૭

પોતાનું જ ઘર હવે થયું જે,
તે તો સંભાળવું ભાવે રે;
ઘરગોઠવણી તો ગોરીનો,
ગરવો ધર્મ જ કહાવે રે. શાણાં૦ ૮

રાત દિવસ મથી મરે મરદ જો,
કરવા ઘરમાં કમાણી રે;
આણી કમાણી ન વાપરી જાણી,
બાયડી નહિ એ ભંડાણી રે. શાણું૦ ૯

શાણી સુઘડ સ્ત્રી રોજ કરે છે,
રુડી વ્યવસ્થા ઘરની રે;
કરકસર કરે, રહે સૌ સરખી,
શોભા વધારે વરની રે. શાણું૦ ૧૦

ઘર જોઈ ઘરધણિયાણીનું,
મૂલ્ય કરે સૌ કોઈ રે;
જો ઘરમાં ગંદવાડો દેખે,
કહે "ફૂવડ ફટ મોઈ રે." શાણું૦ ૧૧

સુઘડના ઘરબાર ને ઓરડા,
આરસ જેવા રૂપાળા રે;
સદા સુઘડ રહે સુઘડ સુંદરી,
રાખી સુઘડ બાળબાળા રે. શાણું૦ ૧૨

બાળકની સંભાળ કેળવણી,
સ્ત્રીનો ધર્મ એ ત્રીજો રે;
ત્રણે ધર્મ સરળ ને સરસ એ,
પાળ્યા તો પ્રભુ રીઝ્યો રે. શાણું૦ ૧૩

પ્રભુને પ્રાર્થનાથી પ્યારાં,
કર્તવ્ય કર્મો કરવાં રે;
જપ, તપ, વ્રત, ઉપવાસ મૂકી પણ,
પ્રેમે પતિવ્રત ધરવાં રે. શાણું૦ ૧૪

પતિવ્રતા પતિને અનુસરતી,
હીંડે હર ઘડી હેતે રે;
તેની મરજી તે એની મરજી,
જીવનદોરી તો તે છે રે. શાણું૦ ૧૫

પ્રાણથી પ્યારો ગણી પિયુને,
અનન્ય ભક્તિ કરતી રે;
દુર્જન દુષ્ટને દેખી જ દૂરથી,
આઘી એ ઓસરતી રે. શાણું૦ ૧૬

નિર્જન વન ને નિર્ધનતામાં,
રહે પિયુ પાસ જ હરખે રે;
સ્વામી વિના નહિ સ્વર્ગે સોહાયે!
સ્વામી સંગે સુખી નરકે રે! શાણું૦ ૧૭

સતી પતિથી છૂટી પડે નહિ,
છાયાવત્ ગત એની રે;
પતિવ્રતાનું પરમ તત્ત્વ છે,
પતિ જ સાંભળ બેની રે. શાણું૦ ૧૮

એની પતિવ્રત ધારી ધીરજથી,
કુળની કીર્તિ વધારી રે;
વિશ્વંભરનો રાખી ભરોસો,
રહેજે ઓ બેટી વિચારી રે! શાણું૦ ૧૯

સુખી સદા તું હોજે ઉભય સ્થળ!
કર મંગલ! લાડઘેલી રે!
માની કૂખ વખણાવજે વા'લી!
માની નવલ શીખ છેલ્લી રે. શાણું૦ ૨૦

स्त्रीस्वरूप

गरबी

સંસારનું નૂર છે નાર,
સજ્જન, સંસારનું નૂર છે નાર;
સ્ત્રી સુધે સકળ સુખસાર. ટેક૦

સજ્જન, સ્ત્રી સુધરે સકળ સુખસાર;
ધૂળધાણી બધું નિરધાર, એ વણ. ધૂળ૦

સુંદર સ્ત્રીનું મુખડું, સુંદર સ્ત્રીનું તન;
સુંદર સ્ત્રીના બોલડા, સુંદર સુંદર સ્ત્રીનું મન! સજ્જન સં૦ ૧

સુંદર સેવા સ્ત્રી કરે, સુંદર ધરે જ સ્નેહ;
સુંદરતા સંસારમાં, ભરનારી નારી જ છેય! સજ્જન સં૦ ૨

આપે જન્મ જ જગતને, પાળે પૂરણ પ્રીત!
એના જ નામ આધારથી, કહાવે ઈશ્વરી અંશ ખચિત!
સજ્જન સં૦ ૩

મીઠું બોલી મન હરે, ટાળે તન પરિતાપ;
આફતમાં ધીરજ ધરી, ધીર આપે એ નરને જ આપ.
સજ્જન સં૦ ૪

ઘરુણી ઘરનો સ્તંભ છે, ઘરનું ઘરુણી જ માન;
ઘરુણી ઘરનું ઘરેણું છે, ઘર ઘરુણી વિનાનું સ્મશાન.
સજ્જન સં૦ ૫

ઘડપણમાં ઘરણી સમી, સેવા કોથી ન હોય;
સ્વર્ગે પણ સંગે ગઈ, તે તો નારી જ! નર નહિ કોય:
સજ્જન સં૦ ૬

ધન ધન નારી નામને, પ્રેમી પરમ અપાર!
પાળે પ્રેમે સર્વને, એનો આદ્ય શક્તિ અવતાર.
સજ્જન સં૦ ૭

નિંદા એની જે કરે, તે પાપી ગુણચોર;
દુર્ગણને દરિયે ડૂબે, તોએ દિલડે દયાનું જ જોર.
સજ્જન સં૦ ૮

ગોરી ફૂલ ગુલાબનું, સૂકે કે કરમાય;
કે કોહે વણ કાળજી, તોએ જાતિ સુગંધી ન જાય.
સજ્જન સં૦ ૯

શાસ્ત્રી, પુરાણી, પંડિતો, શાણા સજ્જન સર્વ!
સાચેસાચું હું કહું, તમે માનો મૂકી મનગર્વ.
સજ્જન સં૦ ૧૦

દીસે દુર્ગુણી આજ બહુ, નથી એની કંઈ ના જ;
પણ એ દુર્ગુણી મૂર્ખ કે, જે છે તે તમારા જ કાજ.
સજ્જન સં૦ ૧૧

આદે દમયંતી, સીતા, દ્રૌપદી આદિ અપાર;
થઈ ગઈ બહુ ગુણવંતીઓ, તે હતી નારી જ નિરધાર.
સજ્જન સં૦ ૧૨

ધર્મે કર્મે ન કેળવો, ના'પો કંઈપણ જ્ઞાન;
રાખો જો હેવાન તો, ક્યમ હોય ન એ હેવાન?
સજ્જન સં૦ ૧૩

હાય ! અબળાઓ હાય રે ! હાલ છે જ હેવાન;
ખાવું, પીવું, ખેલવું, એ ત્રણનું જ જેને ભાન.
સજ્જન સં૦ ૧૪

જ્યાં હેવાન જ નારનો, સઘળો સુંદર સાથ;
ત્યાં જીવ્યાથી તો ભલું, ખરે મરણુ નવલ એ નાથ !
સજ્જન સં૦ ૧૫

નીતિનો ચીલો

ગરબી

(ત્રિઅઠા)

ચારુ× ચીલો આ નીતિનો,——નરનારી રે,
ધારો ધરી ઉર ખંત, કહું છું વિચારી રે;
ભવપંથે ભૂંડા ઊંડા,——નરનારી રે,
છૂપા કૂવા છે અનંત, કહું છું વિચારી રે. ૧

જેના વિવિધ મનોહારી,——નરનારી રે,
વેલછવાયાં મુખ, કહું છું વિચારી રે;
જો ચૂકીએ પગ મૂકતાં,——નરનારી રે,
હોય જ અનહદ દુઃખ, કહું છું વિચારી રે. ૨

એ ગોઝારા કૂપમાં,——નરનારી રે,
પડ્યા હજારો અજાણ, કહું છું વિચારી રે;
હસવામાં ખસવું થયું,——નરનારી રે,
ગયા રૂંધાઈ પ્રાણ, કહું છું વિચારી રે. ૩

× સુંદર

માટે ચિત્ત ચેતી તમે,———નરનારી રે,
ચાલો ચીલે ચીલે જ, કહું છું વિચારી રે;
ચીલો એ પ્રાચીન છે,———નરનારી રે,
સુંદર સુખકર સે'જ,[૧] કહું છું વિચારી રે. ૪

ચીલાની બે બાજુએ,———નરનારી રે,
અખંડ તરુવર હાર, કહું છું વિચારી રે;
શીતળ છાંયે શોભતી,———નરનારી રે,
ફળ અમૃતમાં છે સાર, કહું છું વિચારી રે. ૫

ચીલે ચાલવું સે'લ[૨] છે,———નરનારી રે,
સીધો સમતલ છેક, કહું છું વિચારી રે;
છે કંચન રજ છાંટિયાં,———નરનારી રે,
ગુલજળ[૩] બહેક બહેક, કહું છું વિચારી રે. ૬

કોણ અભાગી આ ચીલો,———નરનારી રે,
છોડી હીંડે કુવાટ, કહું છું વિચારી રે;
મારગ પણ એ પાંસરો,———નરનારી રે,
નહિ ભો કે ન ઉચાટ, કહું છું વિચારી રે. ૭

ચીલાથી ચૂકી જરા,———નરનારી રે,
આડાંઅવળાં ન જાઓ! કહું છું વિચારી રે;
ઠગવાડીના ઠાઠથી,———નરનારી રે,
ભૂલી શીદ ભરમાઓ! કહું છું વિચારી રે. ૮

ચીલો મૂકયો તેમણે,———નરનારી રે,
આખર ખાધી જ થાપ, કહું છું વિચારી રે;

---

૧. સ્વાભાવિક રીતે ૨. સપાટ ૩. ગુલાબજળ

પર વીતે ચેતે જ તે,———નરનારી રે,
ખરાં જ ચતુરાં બાપ+! કહું છું વિચારી રે.

આ જ ચીલે ચાલી ગયાં,———નરનારી રે,
પૂર્વે સર્વે સુજાણ, કહું છું વિચારી રે;
પામ્યાં પરમાનંદ પદ,———નરનારી રે,
નિશ્ચય નવલની વાણ, કહું છું વિચારી રે.

"मारी भरतभूमि"-एक स्वदेशस्तोत्र

गरबी

મારી ભરતભૂમિ!

રૂપાળી, રઢિયાળી, યશાળી, સુશીલ, પુનિત!
તારાં ચરણ ચૂમી. } ટેક

આનંદે વંદું જય જય દરદમ× નિત્ય!
દુનિયામાં દેશ અનેક જ છે,
સૌ સૌમાં કાંક વિશેષ જ છે!
પણ તું તો અલૌકિક એક જ છે!
મારી ભરતભૂમિ૦—૧

+એ મારા બાપ એટલે વા'લા. જે પારકાંને વીતે તે જોઈનેજ પોતે ચેતી ચાલે, તે જ ખરેખરાં ચતુર સમજવાં; મતલબ કે અનીતિના ખાડામાં જે પડે છે, તે ગમે તેટલાં ચતુર (ચતુર) થઈને ફરે છે, પણ ખરું જોતાં જાણે ચતુર નથી.

×પ્રત્યેક શ્વાસની સાથે હમેશાં.

કોણુ આવે હિમાલયની હારે !
કોહિનૂર અન્ય હીરા હારે;
વણુ શેલડી સરસ સાકર ક્યાં રે ?
મારી ભરતભૂમિ૦—૨

શી ફળદ્રુપતા સ્થળ સ્થળ સોહે !
નવરંગી રમણી મુજ મનડાં મોહે !
જાણે વાડી વિશ્વંભરની જ હોયે.
મારી ભરતભૂમિ૦—૩

સાથે વિશ્વંભર વા'લી તું ઝાઝી,
સમૃદ્ધિ સ્વાભાવિક બધી સાજી;
તને પ્રભુએ કરી પ્રિય પ્રમુખા જી.
મારી ભરતભૂમિ૦—૪

દેખી દુનિયા મરે છે દિલ દાઝી,
પણુ ફિકર ન રાખ પ્રભુ તું રાજી;
હાય ! હાલ તેની છે દુઃતરાજી !
મારી ભરતભૂમિ૦—૫

તારો વાંક નથી જ તથાપિ એ,
અમે ભ્રષ્ટ કપૂત મૂઢ પાપીએ;
દેવ છેક દુભ્યો !—દુભિયે હજીએ !
મારી ભરતભૂમિ૦—૬

મદ, આળસ, ઈર્ષા ને અનીતિ,
મતિ મતલબી, આંધળી, નીચ અતિ;
સુખ સાર્વજનિક સમજે ન રતિ.
મારી ભરતભૂમિ૦—૭

જાણી જન્મભૂભક્તિ તો પામે નહિ,
એક પેટની વેઠ અખંડ લહી;
ઊંચી ઓડ બળદીએ કીધી ન કહી.
મારી ભરતભૂમિ૦—૮

એવા જનને ધિક ધિક ધિક્કજ છે,
કીડી કાગડા એથી તો ઠીક જ છે;
જેને જાતિની દાઝ અધિક જ છે!
મારી ભરતભૂમિ૦—૯

હોટૅટોટ કાફીર જે કહો,
જંગલીમાં જંગલી જે લોકો;
જન્મભૂમિભજન[1] અનભિજ્ઞ ન કો.
મારી ભરતભૂમિ૦—૧૦

સ્ત્રીઓ પણ અબળા જે બાકી,
તેણે દેશભક્તિ સબળા દાખી;
ઇતિહાસ છે જ એનો સાખી.
મારી ભરતભૂમિ૦—૧૧

જન જન્મી જન્મભૂમિ જે ન ચહે,
સૃષ્ટિક્રમ વિરુદ્ધ જ રાક્ષસ એ;
રે રાક્ષસ રુડા સ્વપક્ષે રહે!
મારી ભરતભૂમિ૦—૧૨

આવા ભ્રષ્ટ સંગે ભંડાઈ માતા,
જે જગને સુજનતા[2] મૂળ દાતા;
જેનો જશ જશવંત હજી પણ ગાતા.
મારી ભરતભૂમિ૦—૧૩

---

૧. જન્મભૂમિની ભક્તિથી અજાણ્યા કોઈ જંગલી લોક નથી.
૨. સુધારો (Civilization)

તું તો સત્ત્વગુણી તત્ત્વ જ વેત્તા,
દેશ દેશથી પંડિત જ્યાં વહેતા;
થઈ શિષ્ય સહોત્સાહે રહેતા.
મારી ભરતભૂમિ૦—૧૪

તારાં કાર્ય ત્યારે યવને ભાળ્યાં,
મહા શીળ, નિર્મળ, બુદ્ધિવાળાં;
અહા! "દેવાં કમાડે પડે ન તાળાં!"
મારી ભરતભૂમિ૦—૧૫

સેવું નિત્ય પુનિત તવ રજ ચૂમી,
ધન્ય ભાગ્ય નવલની તું જન્મભૂમિ;
તારી ભક્તિ રગેરગ રહી જ ઘૂમી.
મારી ભરતભૂમિ૦—૧૬

एकज वेण बोलवा विषे

ધોળ

राग वेरावळ

સદા રાખો રે, સદા રાખો રે, શાણાં સુજન સુજાણ. } ટેક
એક જ વેણ સુસત્યનું, સદા રાખો. }
એક જ વેણ ઉપર ચાલે, જુઓ,
સંસારનો રે, સંસારનો રે, બધો કરવે'વાર;
હોય લાખોની આપલે,
લોક ધંધો રે, લોક ધંધો રે, કરે ધમધોકાર—એક જ વેણ૦ ૧
એક વેણે વીંટ્યું વિશ્વ કાં,
વેપારી રે, નરનારી રે, નોકર ને શેઠ;
સર્વે જીવે રાજા પ્રજા,
વિશ્વાસે રે, વિશ્વાસે રે, ખરે વિશ્વમાં નેટ—એક જ વેણ૦ ૨

એક વેણુ વિના તો પા ઘડી,
ક્યમ ભોળાં રે, ક્યમ ભોળાં રે, રહી શકે કો જન?
જઈ જંગલમાં એકેકથી,
શું છૂટાં રે, શું છૂટાં રે, વસે જોજન જોજન—એક૦ ૩

એક વેણુ વિના ગુણ કોટિધા,
હોય તોપણ રે, હોય તોપણ રે, તેનું કોડી ન મૂલ;
બાળક પણ હાંસી કરે,
"એ તો જૂઠો રે", મળ્યું ડા'પણ ધૂળ!—એક૦ ૪

એક વેણુ વિના નર રડવડે,
જ્યમ રોડું રે, જ્યમ રોડું રે, ખર્યું ભીંતથી હોય;
ઠામ ન ઠરવાનો મળે,
ભમે ભૂલ્યો રે, ભમે ભૂલ્યો રે, બની બા'વરો સોય—એક૦ ૫

એક વેણુ ગયું તો સૌ ગયું,
સૌ તુચ્છ જ રે, સૌ તુચ્છ જ રે, ગણે તરણાથી લોક;
થાય હડે હડે જાય જ્યાં,
પછી સાચું રે, કદી સાચું રે, બોલે તે પણ ફોક—એક૦ ૬

એક વેણુ કારણ દારુણ શાં,
દુઃખ વેઠ્યાં રે, દુઃખ વેઠ્યાં રે, હરિશ્ચંદ્રે અખેદ!
ભૂપ* ભલો રે પેલો ફ્રાન્સનો!
આવી આપે જે, આવી આપે જે, પડ્યો પાછો કેદ!—એક૦ ૭

---

* ફ્રાન્સનો રાજા જોન જે લડાઈમાં હારી ઇંગ્લંડમાં કેદ પકડાયો હતો, તે કેટલાક કોલકરાર કરી પોતાના રાજ્યમાં પાછો આવ્યો; પણ લોકે તે ચરતો કબૂલ ન રાખી, તેથી એ સત્યવાદી રાજા પોતાના વેણુ ખાતર આપોઆપ પાછો ગયો, અને ત્યાં કેદખાનું ભોગવ્યું.

એક વેણુ સત્યનું રાખતા,
સુખ નિશ્ચય રે, સુખ નિશ્ચય રે, બેઉ લોકે થોક;
નિશ્ચય વાત નવલ કવે,
અરે માને રે, અરે માને રે, જગતના લોક!—એકજ૦ ૮

जूठ नहि बोलवा विषे

ધોળ

राग बेरावळ

જીવ કદીએ રે, નહિ વદીએ રે, જરા જૂઠ વચન;
જૂઠે [1]જાન બે [2]જહાનમાં, જીવ કદીએ. } ટેક

આપી ઈશે વિશેષ પશુ થકી,
અલ્યા વાણી રે, દયા આણી રે, કહેવા ઉરના વિચાર;
તે તો ઢાંકી ઢૂંમેરી તેં,
જગ ઠગવા રે, જગ ઠગવા રે, માંડ્યો વાણી વ્યાપાર. જૂઠે જાન. ૧

સુણ! સત્ય સંસારને સ્તંભ છે,
જે આધારે રે, જે આધારે રે, એ ઊભો બિનધાક;
જે વણ કડડ તૂટી પડે,
જોને આંખે રે, વણ શાખે રે, ધીરે જેનું ન શાક. જૂઠે જાન. ૨

રે શાખ ભૂંડી જ જૂઠાતણી!
છતાં સાચું રે, છતાં સાચું રે, એનું જૂઠું મનાય;
જોવા આવ્યો સાચ પણ,
પેલો બૂમો રે, પાડી બૂમો રે, મૂઓ મૂર્ખ વૃથાય. જૂઠે જાન. ૩

---

૧. નુકસાન, ખરાબી ૨. દુનિયામાં; આ લોકમાં ને પરલોકમાં.

જીવ જીભ શીદ જૂઠે વટાળીએ !
વદે જૂઠ તો રે, વદે જૂઠ તો રે, મૂઢ પાપી જન;
પાપ પોતાનાં ઢાંકવા,
ન ઢંકાય જ રે, ન ઢંકાય જ રે, જાણુ નિશ્ચય મન. જૂઠે જાન. ૪

ભૂંડું છાણુ ઊંડી ગોઝારમાં,
ધાર્યું ઢાંકી રે, ધાર્યું ઢાંકી રે, ઊઠે ગંધાઈ આપ;
થાય જ તથા,
વૃથા બાંધી રે, મૂઢ બાંધે રે, ગાંઠે એકનાં બે પાપ ! જૂઠે જાન. ૫

જીવ નિશ્ચય કરીને જાણુ તું,
તરે સત્ય જ રે, તરે સત્ય જ રે, ડૂબે જૂઠે જહાજ;
તદપિ કાગળની કરામતી,
એ શા અર્થનું રે, એ શા અર્થનું રે, શોભે તાબૂતમાં જ !
જૂઠે જાન. ૬

છે જૂઠ જંજાળની જાળ જ્યાં,
એકે બીજું રે, બીજે ત્રીજું રે, ગૂંથ્યું ગણ્યું ન ગણાય;
શું સંભાળે અભાગિયો,
ઝટ જોતાં રે, ઝટ જોતાં રે, કો ટપ્પ ઝલાય. જૂઠે જાન. ૭

વાંક ન જ કર, પણુ કદી થાય તો,
સાચેસાચું રે, સાચેસાચું રે, માની માગને માફ;
માફ જ મળશે સો વસા,
નહિ તોએ રે, નહિ તોએ રે, ટળશે અંતર તાપ. જૂઠે જાન. ૮

જો અંતર્જામી અંતરે,
તે રાજી રે, રહે રાજી રે, વહે ઉર આનંદ;
અતુલ અનુપ નિજાનંદ છે;
નિજાનંદને રે, નિજાનંદને રે, જાણે શું જ મતિમંદ ? જૂઠે જાન. ૯

છે સત્યસ્વરૂપ જ શ્રી પ્રભુ,
એને વા'લું રે, અન્ય વા'લું રે, નથી સત્ય સમાન;
છે સત્યસ્વરૂપને પરભવી,
ક્યાં રહેશો રે, શું કહેશો રે, પૂછે નવલ નિદાન. જૂઠે જાન. ૧૦

बाळक उपर प्रीति ए स्त्रीनुं भूषण छे.

राग हालरडानो

વનિતા કુળવંતી બોલાવે વા'લે બાળને,
મીઠાં અમૃત ઝરણાં નયણે વયણે નિત્ય;
નિત્ય જ ખંતેથી ખાવાનાં ખેલવણાં તથા,
આપે કેળવણી સુખકરણી સુંદર રીત. વનિતા૦ ૧

વનિતા કુળવંતીને, વા'લ અપાર જ બાળ પર,
પછી તે પોતીકું, પરનું કે જેનું હોય;
એને હૈયે ઉમળકો આવે જોઈ જ બાળને,
વા'લે બોલાવે તે વેળા શી એ સો'ય ? વનિતા૦ ૨

આંખો હીરાશી ઓપે! હસતું મુખ શું મધુર!
શોભે શાં સુંદર મનરંજન ખંજન ગાલ!
ઊડી અર્ધ અધરપરવાળી સુવર્ણ ઝબૂકતી,
ઝબક્યું ઝળળળ જાણે નિર્મળ દિલનું વા'લ. વનિતા૦ ૩

એની વાણી તો નરમાશ મિઠાશ અજબ ભરી,
જેણે બાળકનાં મન વશ થઈ જાય જ સે'જ;
એને દેખે કે દોડી ભેટે હેતે અતિ,
એનું કહ્યું કરે સઘળું હરખે હરખે જ! વનિતા૦ ૪

રે વણુ કહે અતિ મન વર્તે છે તે તો સદા,
રડતાં રખે દુભાયે એનું દયાળુ દિલ;
છરાયાં છોરું પરાયાં પણ રે એને કલ્યાગરાં,
સાચે જાદુગરું જ જોયું એનું સુશીલ! વનિતા૦ ૫

એનું કારણ પણ આવું નથી સમજવું સે'લ છે,
સમજો સુંદરીઓ! આ હિંદની આપે આજ;
એ નથી પીટ્યા કહી કદીએ બાળ ધમેડતી,
જે છે નહિ નારીનાં પણ કૃત્યાનાં કાજ. વનિતા૦ ૬

લાજે કુળવંતી બોલતાં ઊંચે સ્વરે,
તો તે નિજ બાળક પર કેમ જ હોય કઠોર?
વાણી કડવી કઠોર બાળ નઠોર જ હોય,
વાણી વા'લપની વશ કરે હરાયાં ઢોર. વનિતા૦ ૭

વાણી વા'લપની વદવા સરજી છે સુંદરી,
રહી છે સુંદરીની સુંદરતા વા'લપ માંહ્ય;
વા'લપ બાળ પર જામે જ્યારે શશી પૂર્ણ સમ,
ત્યારે નવલ અલૌકિક દેવી જ છે દેખાય! વનિતા૦ ૮

विश्वंभरनो उपकार

(ગીત ચંદ્રાવળા)

(નાના ધ્રુવાખ્યાનનો રાગ)

જે જે!* વિશ્વંભરનાથ, હું તને વંદું વારંવાર;
વારંવાર તું જે કરે, જનપ્રતિ પ્રતિદિન ઉપકાર,
જે ઉપકાર ન હુંથી ગણાય;
અનહદ હદમાં કેમ જ માય?

* જે જે જય જયનું ટૂંકું રૂપ છે.

દહાડો રાત પ્રભાત, ને સાંજ;
પળપળ સંભાળો છો રાજ! જે જે૦ ૧

પાળે સંભાળે સદા તું તો અખિલ જગતમાં જન,
જળચર, ભૂચર, ખેચરને, વળી ઇતરેતર પણ અન્ય.

અન્ય હશે બ્રહ્માંડ અખંડે,
તે સર્વેનાં દુઃખ તું ખંડે;
એક અનંત તું પૂરું કરે,
અહા! આ તે અકળ જ ખરે જે જે૦ ૨

અકળ, અરૂપ, અનુપમને હું કેવા તે કહું કેમ?
તેમ એક આ તો દીસે, નિત્ય કરવું વિશ્વનું ક્ષેમ!

વિશ્વનું ક્ષેમ ચહે ચિત્ત નિત્ય,
કુંજરથી તે કીડી સહિત;
સર્વેની સંભાળ સમાન,
લે છે દેવ દયા જ નિધાન. જે જે૦ ૩

દયાનિધાન! કૃપાળુ! ઓ! કરુણાળુ કિરતાર!
છે વિધવિધના વિશ્વમાં, ભર્યા અન્નઉદકભંડાર.

અન્નઉદકભંડાર ભર્યા તે,
ખાઈ જીવે છે જગત જ ખાંતે;
ખાય સુખદ, ને સ્વાદે ભર્યાં,
વિધવિધનાં જે જાય ગણ્યાં. જે જે૦ ૪

જાય ગણ્યાં નહિ સર્વ તે સુખસાધન તેં જે કીધ,
વૃક્ષ, વનસ્પતિ, વેલી ને, પશુ પક્ષી ખનિજ વિવિધ.

પશુ પક્ષી વિવિધનાં હોયે,
નથી ડુંગરીએ મનડાં મોહે;

શો કહું આકાશે સુંદર બહાર
ધન! ધન! ઈશ રસદાતાર. જે જે૦ ૫

ઈશ્વર તું ઉપકાર તો કરે, જન્મ્યાં ત્યાંથી જ સાર,
રે! જન્મ્યાં પહેલાંય તેં, પય નીપજાવ્યું નિરધાર.

નીપજાવ્યું નિરધાર તેં દૂધ,
તારી તો છે અગમ જ બુધ!
અગમ ખેલ તો તારો અરે
રુધિરનું દૂધ કોણ જ કરે? જે જે૦ ૬

દૂધ કર્યું જ રુધિરનું, અતિ શુદ્ધ સરસ ગુણકારું,
એ ગુણ ભૂલે એવું તે, કોણ લૂણહરામી નઠારું?

લૂણહરામી નઠારું જ હશે,
તે વિશ્વંભરને ભૂલશે;
વિશ્વંભરના ગુણ અનંત,
ગાય પશુ પંખી જીવ જંત! જે જે૦ ૭

જંત ઝીણાં જળબિંદુમાં, અગણ્યાં આંખે ન જણાય,
તે સર્વે સંભાળથી, ઘડ્યાં કરી કરામત કાય.

કરી કરામત તેં તો વડી,
સુખ સર્વે અવયવો ઘડી;
તે પ્રત્યેકનું પોષણ થાય,
તેવા સાજ સજ્યા વળી ત્યાંય. જે જે૦ ૮

સાજ સજ્યા સુખના જગે, જગરાજ ધરી દિલ દાઝ;
દાઝ અધિક ધરી વળી, મૂકી બુદ્ધિ માણસમાંજ.

બુદ્ધિ વિવેકને જાણો અમૂલ્ય,
એ ભવસાગરનો છે પૂલ;

પૂલ ભવાબ્ધિનો બાંધી હસ્યા,
અંતર્જામી રૂપે વળી વસ્યા. જે જે૦ ૯

અંતર્જામી ભોમિયો થઈ, ઊભો ભવાબ્ધિ પૂલ,
પૂલ ચૂકી વોહો તરફ વળે, તો પોકારી કહે ભૂલ.
પોકારી ભૂલ કહે છે તેહ,
વારેવારે વારે છેય;
વળી દયાળુ એ દેવની કૃતિ,
કર તું નવલ તત્પ્રત્યે રતિ* જે જે૦ ૧૦

* પ્રીતિ

સમાપ્ત

કેળવણી ખાતાએ પાઠ્ય પુસ્તક તરીકે મંજૂર કરેલાં પુસ્તકો.

ભૂગોળવિદ્યાનાં મૂળતત્ત્વો, ભાગ પહેલો ૦-૫

" " ભાગ બીજો ૦-૧૦

રા. રા. દ્વારકાદાસ મોતીચંદ દોશીએ સુધારેલી આવૃત્તિ

મોટું અંકગણિત (લાલશંકરકૃત) ૧-૨

રા. રા. ગૌરીશંકર જટાશંકર ભટ્ટે સુધારેલું.

ગુજરાતી ભાષાનું સરળ વ્યાકરણ, ભાગ પહેલો ૦-૩-૯

" " " " ભાગ બીજો ૦-૪-૦

કર્તા: રા. રા. રતિલાલ ચુનીલાલ દિવાન.

ટેલરકૃત ગુજરાતી ભાષાનું વ્યાકરણ ૦-૪-૬

રા. રા. પરમાનંદ ધનેશ્વર વ્યાસે સુધારેલું.

ગુજરાતના ઇતિહાસના સહેલા પાઠો ૦-૪-૦

અક્કડ ને કાનુગાકૃત.

હિંદની પ્રજાનો ટૂંકો ઇતિહાસ ૦-૧૨

પ્રો. કેશવલાલ કામદારકૃત.

હિંદુસ્તાનનો સંક્ષિપ્ત ઇતિહાસ ૦-૧૩

સ્વ. રા. બ. કમળાશંકર ત્રિવેદીકૃત.

ભારતખંડનો ઇતિહાસ—સાર ૦-૧૩-

લલિતાશંકર લા. વ્યાસકૃત (સુધારેલી બત્રીસમી આવૃત્તિ)

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, નાણાવટ, સૂરત